## સુવિચાર
જે પતિ-પત્નીનું જીવન સેવાવૃત્તિ વાળું હોય તે વૃધ્ધ માતા-પિતાના સૂર્યાસ્ત સમયમાં અજવાળું પાથરી શકે છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૯/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ વદ-અમાસ વર્ષ : ૧૫ અંક : ૨૨૭

## અસહ્ય ઉકળાટ બાદ મેઘરાજાનું ધમાકેદાર આગમન

# રાજુલા પંથકમાં ઘણા દિવસો બાદ મેઘાની સટાસટી

જગતાત ગણાતા ખેડૂતો સહિત સૌ કોઈ વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યું હોય ને દે ધનાધન વરસાદ

થોડી જ ક્ષણોમાં અર્ધા ઈંચ જેટલો વરસાદ પડતાં પાણી ભરાવવાનું શરૂ થયું

મોંઘેરા મહેમાન ગણાતા મેઘરાજાની પધરામણી થતાં સૌ કોઈમાં ખૂશી છવાઈ

જિલ્લાનાં દરિયાકાંઠે વરસાદ પડતાં અન્ય વિસ્તારમાં વરસાદ પડે તેવી પ્રાર્થના શરૂ





અમરેલી, તા. ૧૩
અમરેલી જિલ્લામાં ઘણા સમયથી ચાયક નજરે વરસાદની રાહ જોવાય રહી છે. ત્યારે આજે રાજુલા પંથકમાં ધોધમાર વરસાદ વરસી જતાં શહેરીજનો તથા ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી હતી. રાજુલા શહેરમાં પડેલા વરસાદનાં કારણે રોડ ઉપર પાણી વહી ગયા હતા.

રાજુલા પંથકમાં છેલ્લા ઘણા જ સમયથી અસહ્ય બફારો અને ગરમીનું વાતાવરણ જોવા મળતું હોય. ત્યારે ખેડૂતો તથા લોકો વરસાદ વરસે તેવી રાહમાં હતા. ત્યારે બપોરનાં સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવી જતાં રાજુલા તાલુકાનાં હિંડોરણા, ડુંગર, સાજનાવાવ, કુંભારીયા સહિતનાં

અનુસંધાન પાના ૬ ઉપર

## રેતી ચોરીની વ્યાપક ફરિયાદ બાદ તંત્રએ આળશ ખંખેરી

# લાલ આંખ : લીલીયાનાં બવાડા ગામેથી રેતી ચોરી કરી નીકળેલ ડમ્પરને ખાણ-ખનિજ વિભાગે ઝડપી લીધુ

### ખાણ-ખનિજ વિભાગે કુલ ૧૮ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો



અમરેલી, તા. ૧૩
કલેકટરની સુચના અને માર્ગદર્શન હેઠળ ખનીજ ચોરી પર અંકુશ લાવવા ખાણ ખનિજ અમરેલીની તપાસ ટીમ દ્વારા દિવસ તથા રાત્રી દરમ્યાન

અનુસંધાન પાના ૬ ઉપર

## મહાદેવનાં ભરોસે માર્કેટિંગ



અમરેલીનાં સુપ્રસિધ્ધ નાગનાથ મહાદેવ મંદિરની સામે આવેલ ભગવાન ભોળાનાથની પ્રતિમાની ફરતે લગાવવામાં આવેલ રેલિંગમાં ફાસ્ટફુડનાં વેપારી ધ્વારા પોતાનાં ધંધાની જાહેરાતનું બેનર લગાવવામાં આવતાં શિવભકતોમાં નારાજગી ઉભી થઈ હોય બેનર હટાવવું જરૂરી છે.

## પાંચ માળનાં બિલ્ડીંગ ઉપરથી છલાંગ લગાવી

# અમરેલીની સિવિલ હોસ્પિટલ સામે રહેતા શ્રમિકે બીમારીથી કંટાળી આત્મહત્યા કરી

### માથાનાં ભાગે ગંભીર ઈજા થતાં મોત થયું

અમરેલી, તા. ૧૩
અમરેલીમાં સિવિલ હોસ્પિટલ સામે રહેતા ચંદુભાઈ જલુભાઈ સોલંકી નામનાં ઈસમને બે-ત્રણ દિવસથી ગળાનાં ભાગે ચાંદા પડી ગયા હોય, હાથ-પગમાં કમજોરી રહેતી હોય, સતત માથું પણ દુ:ખતું હોય જેથી બીમારીથી કંટાળી જઈ અમરેલીમાં નવા પાંચ માળીયાનું બાંધકામ ચાલતું હોય. ત્યારે ગઈકાલે રાત્રીનાં ૯ વાગ્યાનાં સમયે આ પાંચ માળીયાનાં કોઈપણ માળેથી નીચે પડી જઈ આપઘાત કરી લીધાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## સીટી પોલીસે હનુમાનપરા નજીકથી ઝડપી લીધો

# લ્યો બોલો : અમરેલીનો યુવક સરાજાહેર વિદેશી દારૂની ૪ બોટલ સાથે નીકળી પડયો

### ગાંધીનાં ગુજરાતમાં દારૂની બદીએ હદ વટાવી



અમરેલી, તા. ૧૩
અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે જીલ્લામાંથી

અનુસંધાન પાના ૬ ઉપર






## ગુજરાતનાં પુત્ર નરેન્દ્ર મોદીને પ્રધાનમંત્રી બનાવનાર જનતાને અન્યાય કેમ ?

# મધ્યપ્રદેશમાં રૂપિયા ૪૫૦માં અને ગુજરાતમાં ૯૦૦માં ગેસ સીલીન્ડર

ગુજરાતની બગલમાં આવેલ મધ્યપ્રદેશમાં ભાજપનાં મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ મહિલાને અનેક ભેટ સોગાદો આપી રહ્યા છે

ગુજરાતની મહિલાઓ તો છેલ્લા ૨૨ વર્ષથી નરેન્દ્ર મોદી તરફી મતદાન કરતી હોય છતાં પણ અન્યાય કેમ

પડોશી રાજયમાં મહિલાઓને દર મહિને એક હજાર સહિતની અનેક રાહતો મળે અને ગુજરાતને અન્યાય

સમગ્ર દેશમાં ભાજપનું કમળ સોળે કળાએ ખિલવનાર ગૃહ રાજય ગુજરાતની જનતાને રાહતની આશા





પ્રતિકાત્મક તસ્વીર



અમરેલી, તા. ૧૩

ગુજરાતની જનતા આમ તો ભાજપને છેલ્લા ૩૩ વર્ષથી સતત આગળ વધારી રહી છે અને ગુજરાતનાં પાયા ઉપર જ ભાજપની ઈમારત બુલંદ બની છે અને ભાજપનાં એક સંગઠન કક્ષાનાં અગ્રણી નરેન્દ્ર મોદીને દેશનાં પ્રધાનમંત્રી સુધી પહોંચાડવામાં ગુજરાતની જનતાનો સિંહફાળો હોય તેવા સમયે ભાજપ શાસિત અન્ય રાજયોની જનતાને અને ખાસ કરીને મહિલાઓને વિશેષ રાહત મળે તેને વાંધો ન હોય શકે પરંતુ ભાજપને શકિત આપનાર ગુજરાતની મહિલાઓને અન્યાય કેમ કરવામાં આવે છે તેવો પ્રશ્ન રાજયની જનતામાંથી ઉભો થયો છે.

ગુજરાતની ગૃહિણીઓને રૂપિયા ૯૦૦માં ગેસ સીલીન્ડર ખરીદવો પડે અને પડોશમાં આવેલ ભાજપ શાસિત મધ્યપ્રદેશમાં રૂપિયા ૪૫૦માં ગેસ સીલીન્ડર આપવાની જાહેરાત રાજયનાં મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કરી છે.

તદુઉપરાંત લાડલી બહેના યોજના અંતર્ગત મહિલાઓને અનેક રાહત આપવામાં આવી રહી છે તો વિપક્ષ શાસિત અને ગુજરાતનાં પડોશમાં આવેલ રાજસ્થાનમાં પણ રૂપિયા ૫૦૦માં ગેસ સીલીન્ડર મળી રહ્યો છે તો અનેક રાજયોમાં મહિલાઓને એસ.ટી. બસમાં વિના મુલ્યે મુસાફરી તેમજ દર મહિને એકથી બે હજાર રૂપિયા આપવામાં આવી રહ્યાં છે.

ગુજરાતમાં ભાજપ સરકાર તરફથી વીજબીલ સહિત કોઈપણ ક્ષેત્રે મહત્વનાં લાભ આપવામાં આવતાં ન હોય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની બહેનોને મદદ કરવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

### આગામી અઢી વર્ષ માટે જવાબદારી મળી

## કુંકાવાવ તાલુકા પંચાયતમાં પ્રમુખ ઉપપ્રમુખ બીન હરીફ જાહેર કરાયા

**પ્રમુખ પરશોતમભાઈ હીરપરા, ઉપપ્રમુખ સંગીતાબેન હપાણી**



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ



કુંકાવાવ, તા.૧૩

કુંકાવાવ તાલુકા પંચાયત ખાતે આજે પ્રમુખ ઉપપ્રમુખના હોદા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ભાજપનાં પ્રમુખ તરીકે પરશોતમભાઈ શંભુભાઈ હીરપરા ખડખડવાળા તેમજ ઉપપ્રમુખ માટે સંગીતાબેન મનોજભાઈ હપાણી અમરપુર વાળાને બીન હરીફ જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા ભાજપ દ્વારા તમામ સભ્યોને આગલા દીવસે વાહીપ આપી દેવામાં આવ્યા હતા. જેનાં ભાગરૂપે માત્ર ભાજપના સભ્યોએજ દાવેદારી નિભાવી હતી. જેનાં બીન હરીફ જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયતનાં ૧૨ સભ્યો હાજર રહયા હતા. જયારે આગમી અઢી વર્ષ માટે નવા પ્રમખ ઉપપ્રમુખની વરણીને તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંઢાળાની આગેવાનીમાં યોજાઈ હતી. આ પ્રસંગે તાલુકાનાં અગેવાનો તથા પુર્વ પ્રમુખ પુર્વીબેન વસંતભાઈ સોરઠીયા ઉપપ્રમુખ જયસુખભાઈ ભુવાએ નવા ચુંટાયેલા હોદેદારોને અભિનંદન આપ્યા હતા. જયારે તાલુકાનાં આગેવાનોમાં બાવાલાલ મોવલીયા રમેશભાઈ સાકરીયા નરેન્દ્રભાઈ પરવાડીયા મનસુખભાઈ રાંદલડાદવા સહીત આસપાસનાં ગામડાનાં સરપંચ ટેકેદારો આગેવાની મોટી સંખ્યામાં ઉપસ્થીત રહીને નવી ટીમને અભિનંદન આપીને આવકારી શુભેચ્છા આપી હતી.

## ખેરા ગામે મીઠાનાં અગરમાંથી ઈલેકટ્રીક મોટરની ચોરી

અમરેલી, તા. ૧૩

રાજુલા તાલુકાનાં ચાંચ ગામે રહેતા વિષ્ણુભાઈ વાલજીભાઈ ચૌહાણને ખેરા ગામે ૧૦ એકરમાં મીઠાનાં આગર માટે કલેકટર દ્વારા ભાડા પેટે આપેલ છે. જે મીઠાની આગરનું નામ વિજય હનુમાન સોલટ છે. જેમાંથી ગત તા. ૧૧/૮નાં સાંજનાં સાતેક વાગ્યાથી તારીખ૧૨/૮નાં સવારનાં આઠેક વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યો ઈસમે, મજુરની રૂમ પાછળ ખુલ્લી જગ્યાએથી સબમર્શીબલ મોટર ત્રણ હોર્સ પાવર વાળી નંગ–૧ જેની કિંમત રૂપિયા ૩૦૦૦ તથા મોનોબ્લોક મોટર ત્રણ હોર્સ પાવર નંગ–૧ જેની કિંમત રૂપિયા ૭,૦૦૦ તથા મોનો બ્લોક મોટર પાંચ હોર્સ પાવર નંગ–૧ જેની કિંમત રૂપિયા ૯,૦૦૦ મળી કુલ મોટર નંગ–૩ કિંમત રૂા. ૧૯,૦૦૦ નો મુદ્દામાલ કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરીયાદ નોંધાઈ છે.

## જાફરાબાદ ખાતે નેશનલ લોક અદાલત યોજાઈ ગઈ

જાફરાબાદ, તા. ૧૩

નેશનલ લોક અદાલત અંતર્ગત પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ જાફરાબાદ ખાતે બાર એસોસિએશન જાફરાબાદનાં પ્રમુખ દીલીપભાઈ એન.બારૈયા તેમજ બાર એસોસિએશન તમામ એડવોકેટઓનાં સહકારથી નેશનલ લોક અદાલતમાં ખુબ જ વધુ પ્રમાણમાં ફોજદારી કેસોનો નિકાલ કરવામાં આવ્યો જેમાં જાફરાબાદ કોર્ટનાં સિવિલ કેસો, ફોજદારી કેસો તેમજ પ્રિલીટીગેશન કેસો તેમજ અન્ય કેસો મળી કુલ ૭૧૪ કેસોનો નીકાલ કરવામાં અ ) વ્યો. તેમજ ફોજદારી કેસોમાં રૂપિયા – ૧,૦૩,૮૦૦ (એકલાખ ત્રણ હજાર આઠસો) નો દંડ વસુલ કરવામાં આવેલ છે. સદર લોક અદાલતમાં જાફરાબાદા કોર્ટનાં પ્રિન્સીપાલ સિવિલ જજ અભિષેક સાંહુની અધ્યક્ષતામાં તેમજ બાર એસોસિએશનના સહકારથી વધુમાં વધુ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.સદર નેશનલ લોક અદાલતમાં ઈન્ચાર્જ રજીસ્ટ્રાર બી.વી.પરમાર તેમજ તમામ કોર્ટ સ્ટાફ હાજર રહી લોક અદાલતની સંપુર્ણ કામગીરી પુર્ણ કરેલ.

### ભાજપનાં આગેવાનોની ઉપસ્થિતિમાં

## બગસરા તાલુકા પંચાયતનાં પ્રમુખ અને ઉપપ્રમુખનું પસંદગી કાર્ય પુર્ણ

**પ્રમુખ તરીકે શારદાબેન બકરાણિયાને જવાબદારી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૩

બગસરા તાલુકા પંચાયતની પ્રમુખ તેમજ ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી જેમાં કોંગ્રેસના બે સભ્યોના ટેકાથી ભાજપે તાલુકા પંચાયત કબ્જે કરી હતી.

બગસરા તાલુકા પંચાયતની પ્રમુખ તથા ઉપપ્રમુખ માટેની ચૂંટણી યોજવામાં આવી હતી. પ્રાંત અધિકારી તથા તાલુકા વિકાસ અધિકારીની હાજરીમાં નિયત સમયે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તાલુકા પંચાયત બગસરામાં પ્રમુખ પદ માટે બક્ષીપંચ સ્ત્રી અનામત સીટ હોવાથી તેમજ સમગ્ર તાલુકામાં આ પદ માટે લાયક માત્ર એક જ સ્ત્રી હોવાથી પ્રમુખ પદ માટે કોંગ્રેસમાંથી સાત માસ પૂર્વે ભાજપમાં આવેલા શારદાબેન બાબુભાઈ બકરાણિયા બિન હરીફ વિજેતા થયેલ. ત્યારબાદ ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપે ખેલ પાડયો હતો. જેમાં ઉપપ્રમુખ માટે હસમુખભાઈ દેવરાજભાઈ બાબરીયા અને રામજીભાઈ ધનજીભાઈ એમ બે પુરૂષોએ દાવેદારી કરી હતી. ત્યારે કોંગ્રેસના બે સભ્યોએ ભાજપ પ્રેરિત હસમુખભાઈની તરફેણમાં મત આપતા હસમુખભાઈ ઉપપ્રમુખ તરીકે ચૂંટાઈ આવેલ. આ બાબતે તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખરના જણાવ્યા અનુસાર બગસરા તાલુકા પંચાયયતમાં કુલ ૧૬ સભ્યો ધરાવતી પંચાયત છે. ત્યારે જુના વાઘણીયાની મહિલા ઉમેદવારે પક્ષ પલટો કરતા તેમને સસ્પેન્ડ કરવામાં આવેલ છે અને આ સીટ ઉપર ફેર ચૂંટણી બાકી રહેતા હાલમાં તાલુકા પંચાયતમાં કુલ પંદર સભ્યો ધરાવતી પંચાયત છે અને બગસરા તાલુકા પંચાયતમાં ભગવો લહેરાતા તાલુકાના ભાજપના કાર્યકર્તાઓમાં ઉત્સાહ જોવા મળેલ હતો અને પંચાયત કબ્જે કરવામાં તાલુકા ભાજપના આગેવાનોની મહેનત રંગ લાવેલ હતી. આ ચૂંટણી સમયે ભાજપના આગેવાનો તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખરની મહેનત રંગ લાવી હતી. ભાજપના કાર્યકર્તા ધીરૂભાઈ માયાણી, અનિભાઈ કોરાટ સહિતના અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા નિમાયેલા પ્રમુખ ઉપપ્રમુખને મોં મીઠા કરાવ્યા હતા.

# બાબરામાં પંચકુડે શ્રી નીલકંઠ મહાદેવનાં સાંનિધ્યમાં ભાતીગળ લોક સાંસ્કૃતિ લોકમેળાનો પ્રારંભ







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં આવેલ પ્રાચીન અને પાંડવકાલીન પંચકુંડ જગ્યામાં તેમજ સ્વંયભુ શ્રી નીલકંઠ મહાદેવના સાંનિધ્યમાં વર્ષોથી ભાતીગળ અને લોકસાંસ્કૃતિક લોકમેળાનું ભવ્ય આયોજન નીલકંઠ યુવક મંડળ દ્વારા કરવામાં આવે છે જેમાં બાબરા શહેર અને તાલુકા તેમજ અમરેલી, ચિતલ, જસદણ, બોટાદ, ગઢડા પાળીયાદ,જસદણ સહિતની પાંચાલ વિસ્તારની જનતા લોકમેળાની મોજ માણવા આવે છે પાંચાળ વિસ્તારના બાબરામાં યોજાયો આ લોકમેળામાં લાખોની સંખ્યામાં લોકો મેળો માણવા ઉમટી પડે છે. નીલકંઠ યુવક મંડળ દ્વારા આયોજિત આ ભાતીગળ લોકમેળામાં જાહેર જનતાને કોઈપણ પ્રકારની ટ્રાફિક કે અન્ય મુશ્કેલીઓ નો પડે તેની પૂરતી તકેદારીઓ રાખવામાં આવેલ છે તેમજ કાયદો અને વ્યવસ્થા માટે પોલીસ દ્વારા અહીં મેળાના મેદાનમાં બે જેટલી પોલીસ ચોકી ઉભી કરવામાં આવેલ છે. આજે તા ૧૩/૯/૨૩ને બુધવારના રોજ સાંજે ભાતીગળ લોકમેળાને તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસબાપુ દીપપ્રાગટય કરી ખુલો મુકયો હતો આ તકે શ્રી નીલકંઠ મહાદેવ મંદિરના મહંત શ્રી ભાવેશ ગીરીબાપુ, તેમજ શહેર અને તાલુકા અને જિલ્લાના અગ્રણીઓ સ્થાનિક મામલતદાર, પી આઈ, ચીફ ઓફિસર, તેમજ પીજીવીસીએલના અધિકારીઓ અને સ્થાનિક ગામનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાબરામાં પંચકુંડે શ્રી નીલકંઠ મહાદેવના સાંનિધ્યમાં આયોજિત ભવ્ય ભાતીગળ લોકમેળાને સફળ બનાવવા મંદિરના મહંત શ્રી ભાવેશગીરીબાપુના માર્ગદર્શન હેઠળ નીલકંઠ યુવક મંડળ ના મિત્રો જહેમત ઉઠાવી રહ્યા છે. શ્રી નીલકંઠ યુવક મંડળના સભ્યો દ્વારા જણાવ્યું હતું તા.૧૩/૯ થી ૧૭/૯, સુધી આયોજિત લોકમેળો ચાર દિવસનો રહેછે અને આ વખતે ગુરૂ અને શુક્ર એમ બે દિવસ અમાસનો ભાગ હોવાથી લોકો વધુ મેળાની મોજ માણી શકશે તેમજ અહીં મંદિરના વિશાલ મેદાનમાં આયોજિત લોકમેળામાં આવતા લોકોને વધુ આનંદ મળે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં મેળાની અંદર રાઈડ્સમાં મોતનો કૂવો, ટોરાટોરા, નાવડી, બ્રેકડાન્સ, ઝુલો, ક્રોસ ચક્કર, ચેરોપ્લેન, ડ્રેગન, સહિત કુલ ૯ જેટલી અવનવી રાઈડસ આવેલ છે તેમજ નાના નાના ભૂલકાઓ ને મજા પડે તેવી રાઈડ્સ તો ખરીજ તેમજ ખાણી પિણીના અને રમકડાં તેમજ અન્ય ચીજ વસ્તુઓની ખરીદી માટેના અંસંખ્ય સ્ટોલ ઉભા કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે બાબરામાં નીલકંઠ મહાદેવના મંદિરે યોજાતો મેળો ભાદરવી અમાસનો મેળો તરીકે પ્રસિદ્ધ છે અહીં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લોકો બાબરા ખાતે પિતૃ તર્પણ કરવા તેમજ સુરાપુરા દાદા ને ચોખા સહિતના નૈવધ કરવા માટે પરિવાર સાથે આવી બાદમાં મેળાનો આનંદ લેતા હોય છે. બાબરા તાલુકા સહિત સમગ્ર પંથકની જનતાને લોકમેળાનો આનંદ માણવા નીલકંઠ યુવક મંડળ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# અમરેલી જિલ્લામાં કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર સેવાઓ પુરી પાડતી
# મીડિયેટ રિક્રુટ મેનેજમેન્ટ પ્રા.લિ. ૩ વર્ષ માટે બ્લેક લિસ્ટ

**જિલ્લા કલેકટરે અનિયમિત પગાર, પીએફ રકમ જમા ન કરવી અને લઘુતમ વેતન આપવા સહિતની ફરિયાદોનાં આધારે કરી કાર્યવાહી**

**રાજકોટની કંપનીને જિલ્લામાં ૩ વર્ષ માટે બ્લેક લિસ્ટ કરી દેવાતા અન્ય કંપનીઓનાં સંચાલકોમાં ફફડાટ**

**કંપનીની ડીપોઝીટની રકમ પણ રાજયસાત કરવા માટે હુકમ કરવામાં આવ્યો**

**ડઝનબંધ યુવાનો અને યુવતીઓને ન્યાય મળતા હાશકારાની લાગણી**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા કલેકટરના તાબા તળેની મામલતદાર કચેરી, જનસેવા કેન્દ્ર, ઈ–ધરા કેન્દ્ર સહિતની મહેસૂલી કચેરીઓમાં કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર સેવાઓ માટે મીડીયેટ રિક્રુટ મેનેજમેન્ટ પ્રા.લિ. રાજકોટને વર્કઓર્ડર આપવામાં આવ્યો હતો.

આ વર્કઓર્ડર સ્વીકાર્યા બાદ મીડીયેટ રિક્રુટ મેનેજમેન્ટ પ્રા.લિ. રાજકોટ દ્વારા પૂરી પાડવામાં આવતી ઓપરેટર સેવાઓ અંગે તેમના દ્વારા ઓપરેટરને અનિયમિત પગાર, પીએફ રકમ જમા થતી ન હોવાની મૌખિક અને લેખિત રજૂઆતો તથા લઘુતમ વેતન ન મળવા અંગેની લેખિત ફરિયાદો જિલ્લા કલેકટર કચેરીને મળી હતી.

નાણાકિય ગેરરિતી તથા હુકમ અને કરારખતની શરતોનો ભંગ એજન્સી દ્વારા કરવામાં આવતો હતો. આથી, અમરેલી જિલ્લા કલેકટરે આદેશ કરી આ એજન્સીને બ્લેક લિસ્ટમાં મૂકી તેના પર કાયદાકીય રીતે દંડનીય કાર્યવાહી હાથ ધરવા કારણદર્શક નોટિસ આપી છે.

જિલ્લા ઈ–સેવા સોસાયટીમાં લેવામાં આવેલા નિર્ણય મુજબ તા. ૧/૮/૨૦૨૩ના રોજની અસરથી તેનો આદેશ સમાપ્ત કરી તે રદ કરવામાં આવ્યો છે તેમજ ડિપોઝીટની રકમ રાજયસાત કરવા હુકમ કરવામાં આવ્યો છે.

મીડીયેટ રીક્રુટ મેનેજમેન્ટ પ્રા. લી. રાજકોટને તા.૩૧ ઓગષ્ટ, ૨૦૨૩ના હુકમથી અમરેલી જિલ્લા માટે ૩ (ત્રણ) વર્ષ માટે "BLACK LIST" (બ્લેક લીસ્ટ) કરવા જિલ્લા કલેકટર દ્વારા હુકમ કરવામાં આવ્યો છે.

**સ્વ. માવજીભાઈ મારૂ અને સ્વ. વિનોદરાય પરમારનાં સ્મરણાર્થે**

## સા.કુંડલા ખાતે મહિલા સશકિતકરણ માટે સંપૂર્ણ બ્યુટિશિયન કોર્સનું આયોજન કરાયું

**સોશિયલ જસ્ટિસ ફાઉન્ડેશન-મુંબઈનું સુંદર કાર્ય**

સાવરકુંડલા, તા. ૧૩

ગત તારીખ ૧૦ સપ્ટેમ્બરનાં રોજ સોશિયલ જસ્ટિસ ફાઉન્ડેશન, મુંબઈ દ્વારા સ્વ. માવજીભાઈ મારૂ અને સ્વ. વિનોદરાય પરમારનાં સ્મરણાર્થે દર વર્ષની માફક આ વર્ષે પણ સાવરકુંડલા ખાતે મહિલા સશકિતકરણનાં માટે બહેનો, દીકરીઓ પગભર થાય અને પરિવારમાં આર્થિક સહયોગ માટે સન્માન સાથે આત્મનિર્ભર બની મદદ કરી શકે તેવા ઉદ્દેશ્યથી બહેનો માટે બ્યુટી પાર્લરનો સંપૂર્ણ બ્યુટીશિયન કોર્સનું આયોજન કરવામાં આવેલ હતું. આ આયોજન સાવરકુંડલા સ્થિત ભવાની બ્યુટી પાર્લરનાં ઉષાબેન કાલાવડીયા અને અંજલી બ્યુટી પાર્લરના રેખાબેન વેકરીયા તેમજ ધારી ખાતે હેતુ બ્યુટી પાર્લરના હેતલબેન દાફડા દ્વારા આશરે ૭૦ બહેનોને બ્યુટી પાર્લરનો કોર્સ પૂર્ણ કરી આત્મસન્માનથી રોજગાર મેળવી શકે તે આશય સિદ્ધ કર્યો હતો. આ કોર્સનાં અંતે સાવરકુંડલા આરંભ ગરબા કલાસ કપોળ મહાજન વાડી ખાતે કાર્યક્રમમાં મુખ્ય મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરી ભવ્ય સન્માન સમારોહ ઉજવવામાં આવ્યો હતો, જેમાં બ્યુટી પાર્લરનાં કોર્સમાં ભાગ લીધેલ બહેનોને પ્રમાણપત્ર વિતરણ કરી અને સાથે કોસ્મેટીક બ્યુટી પાર્લર સ્ટાર્ટઅપ કીટ આપવામાં આવેલી હતી. આ કાર્યક્રમમાં બ્યુટી પાર્લરનાં કલાસની બહેનો દ્વારા કથક નૃત્ય તેમજ આરંભ ગરબા ગૃપ દ્વારા ગરબા રાસનું પરફોર્મન્સ કરવામાં આવેલું હતું અને બહેનો સાથે ગૃપ ગરબા રાસ





રમવામાં આવેલ હતા તેમજ સારંગ ઉપાધ્યાય અને એમના ગૃપ દ્વારા કરાઓકે મ્યુઝિક પર ગીતોની રમઝટ કરવામાં આવી હતી. જેમાં સારંગભાઈ ઉપાધ્યાય, અરૂણભાઈ ગઢીયા, પિયુષભાઈ દવે, અને મુંજાલભાઈ દેસાઈ સહિતની ટીમ સાથે મુંબઈથી પધારેલ નીતિનભાઈ પરમાર અને પ્રવીણભાઈ મારૂ દ્વારા પણ ગીતો ગાઈ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સોશિયલ જસ્ટિસ ફાઉન્ડેશન મુંબઈથી પ્રમુખ નીતિનભાઈ પરમાર, કો–ઓર્ડીનેટર પ્રવીણભાઈ મારૂ, મુંબઈના સામાજિક કાર્યકર અને ફિલ્મ પ્રોડયુસર કાંતિલાલ મકવાણા, અનિલભાઈ કોળી, અમદાવાદથી ચંદ્રિકાબેન મકવાણા, સોશિયલ જસ્ટિસ ફાઉન્ડેશન અમરેલી જિલ્લા કો–ઓર્ડીનેટર ઉર્મિલાબેન વિજયભાઈ ગોહિલ, સોશિયલ જસ્ટિસ ફાઉન્ડેશન અમરેલી જિલ્લા પ્રમુખ લલિતભાઈ મારૂ, રક્ષાબેન વિજયભાઈ રાઠોડ તેમજ અજયભાઈ કાલાવડીયા, દિલીપભાઈ વેકરીયા, રાહુલભાઈ દાફડા, અનિલભાઈ જાદવ, ગોવિંદભાઈ મારૂ, ક્રિશ મારૂ, હર્ષવર્ધન રાઠોડ, પાર્થ કાલાવડીયા, વિ હિન્દુ પરિષદના યશોધરાબેન પંડયા, સૌરાષ્ટ્ર ઝોનનાં હંસાબેન જાડેજા તેમજ નામી અનામી એવા ઘણા મહાનુભાવો ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

## રાજુલા : આયુષ્યમાન ભવ: અભિયાન કાર્યક્રમની શરૂઆત





રાજુલા, તા. ૧૩

વિવિધ આરોગ્ય યોજનાઓ વિશે લોકોમાં જાગૃતિ વધારવા અને દરેક ગામોમાં જટીલ આરોગ્ય સંભાળ સેવાઓને સંતૃપ્ત કરવા માટે ભારત દેશના રાષ્ટ્રપતિ દ્વારા વર્ચુઅલ રીતે આયુષ્માન ભવઃ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવતા સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે આરોગ્ય સ્ટાફ અને લોકો દ્વારા આ કાર્યક્રમને નિહાળી શુભ શરૂઆત કરવામા આવી. જેમાં યુનિવર્સલ હેલ્થ કવરેજનાં લક્ષ્યને સિદધ કરવા કામગીરી કરાશે. આયુષ્માન ભવઃ કાર્યક્રમ હેઠળ ૧૭ મી સપ્ટેમ્બરથી આયુષ્માન આપકે દ્વાર દ્વારા આયુષ્યમાન કાર્ડની કામગીરી દર અઠવાડીયે આરોગ્ય કેન્દ્રો ખાતે આયુષ્માન મેળાનું આયોજન કરી બિન ચેપી અને ટીબીનાં રોગનું સ્કીનીંગ, માતા અને બાળ આરોગ્ય સેવાઓ, પોષણ અને રસીકરણ સહિતની કામગીરી હાથ ધરાશે તેમજ બીજી ઓકટોબરનાં રોજ આયુષ્માન સભાનાં આયોજન દ્વારા લોકોમાં આરોગ્યની વિવિધ યોજનાઓ વિશે જાગૃતિ વધારાશે તેમજ આયુષ્યમાન કાર્ડની ઉપયોગીતા અને વિતરણ તેમજ આભાકાર્ડ બનાવવા વિગેરે વિશે માહિતી અપાશે.

આ અભિયાન દરમિયાન રકતદાન શિબિર તેમજ સ્વૈચ્છિક અંગદાન અંગેની જાણકારી અને પ્રતિજ્ઞા સહિતની વિવિધ કામગીરી તાલુકા હેલ્થ કચેરી રાજુલા તળેનાં આરોગ્ય કેન્દ્રોનાં સ્ટાફ દ્વારા કરવામાં આવશે તેમજ આ અભિયાનનાં તમામ ઘટકોનું સફળ અમલીકરણ કરનાર ગામને આયુષ્માન ગ્રામ પંચાયતનો દરજજો એનાયત કરવામાં આવનાર હોવાનું તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા દ્વારા જણાવેલ. આ કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ હરસુરભાઈ લાખણોત્રા, કાનાભાઈ ગોહિલ, પ્રતાપભાઈ બેપારીયા, અધિક્ષક ડો.એચ.એમ. જેઠવા, તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા, આરોગ્ય અને આંગણવાડી સ્ટાફ તેમજ રાજુલા શહેરનાં લોકો હાજર રહેતા કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ જે યાદીમાં જણાવેલ છે.

**''અમરેલી એક્સપ્રેસ''**
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## ગાંધીનગર : કાઠી ક્ષત્રિય દરબારોનાં કલાસ ૧, ૨ વિદ્યાર્થીઓ માટે રાજય કક્ષાએ પ્રવેશ પરીક્ષા યોજાઈ

**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૧૩

કે.ડી.ઈ.ટી એટલે કે કાઠી દરબાર એજયુકેશન ટીમ ગાંધીનગર દ્વારા સમગ્ર રાજયમાંથી છેવાડાનાં ગામડાઓનાં કાઠી ક્ષત્રિય દરબાર સમાજનાં જે વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવા ઈચ્છે છે. તેમને માટે ગાંધીનગર ખાતે નિઃશુલ્ક રહેવા જમવાની સુવિધા સાથે એકસપર્ટ દ્વારા કોચિંગ પણ નિઃશુલ્ક આપવામાં આવે છે. આ કાઠીયાવાડ ભવનમાં પ્રવેશ મેળ વવા એન્ટરન્સ એકઝામ પાસ કરવી જરૂરી હોય છે. રવિવાર તારીખ ૧૦ સપ્ટેમ્બરના રોજ એક જ સમયે, એકી સાથે સાવરકુંડલા, જૂનાગઢ, અમરેલી, રાજકોટ અને બોટાદ ખાતે બોર્ડ એકઝામ જેવી જ જડબેસલાક વ્યવસ્થા સાથે પ્રવેશ પરીક્ષા લેવાઈ ગઈ. તેમાં ખૂબ જ મોટી સંખ્યામાં ઉત્સાહભેર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તમામ પરીક્ષાનાં કેન્દ્રો ઉપર સવારે ચા, દૂધ, કોફી, નાસ્તો અને બપોરનાં ભોજનની વ્યવસ્થા પણ કે.ડી.ઈ.ટી. દ્વારા કરવામાં આવી હતી. જેમાંનું એક પરીક્ષા કેન્દ્ર સાવરકુંડલા ખાતે સનરાઈઝ સ્કૂલમાં પણ રાખવામાં આવેલ. જેમાં પર વિદ્યાર્થીઓએ આ એકઝામ આપી હતી. સનરાઈઝ સ્કુલના મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણ દ્વારા ઠંડા પાણી, ચા, દૂધ, કોફી, નાસ્તા સહિતની વ્યવસ્થા વિદ્યાર્થીઓ માટે કરવામાં આવી હતી. પરીક્ષા શરૂ થાય તે પહેલા વિદ્યાર્થીઓને





શીખ આપતા જણાવ્યું હતું કે, પોતાના જીવનનાં આ અતિ કિંમતી સમયગાળાને વેડફી નાખવાને બદલે જો સદ્‌પયોગ કરશો તો પાછલી જિંદગી સુખપૂર્વક પસાર કરી શકશો અને ભાવિ પેઢીને સશકત બનાવી શકશો.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦






શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫










### તાલુકા પ્રમુખ તરીકે ભગવતીબેન સાંખટ

# ગીર ગઢડા તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવી

### ઉપપ્રમુખ તરીકે દિવાળીબેન ભીખાલાલ કિડેચાની વરણી





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૧૩

ગીરગઢડા ચૂંટણી અધિકારી અશોક ચૌધરી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવી હતી. ગીર ગઢડા તાલુકો જાહેર થયા બાદ આ ચોથી ટર્મ ચાલુ થતા અને ત્રીજી ટર્મ પૂર્ણ થતા નવા પદાધિકારીની વરણી કરવામાં આવી હતી.

ગીર ગઢડા તાલુકો જાહેર કર્યા બાદ આજ સુધીમાં ચાર પ્રમુખોની વર્ણી કરવામાં આવી છે તેમાં ચારે ચાર મહિલા પ્રમુખ બન્યા છે એસ.સી. અનુસૂચિત જાતિની પ્રથમ બેઠક અનામતમાં ભગવતીબેન પ્રેમજીભાઈ સાંખટ ઝૂડવડલીની પ્રમુખ તરીકે વરણી થઈ છે ત્યારે ભગવતીબેન શિક્ષણ ક્ષેત્રે બી.એ.,એલ.એલ.બી. પાસ છે ત્યારે તાલુકાના એક સારા શિક્ષિત પ્રમુખ મળ તા તાલુકાનો વિકાસ વેગ પકડશે તેવું સૌ કોઈ ઈરછી રહ્યા છે તેમજ ઉપપ્રમુખ તરીકે નિવૃત્ત તલાટી કમ મંત્રીના પત્ની દિવાળીબેન ભીખાભાઈ કિડેચાની વરણી કરવામાં આવી હતી, કારોબારી ચેરમેન પદે કાનજીભાઈ લાખાભાઈ બાંભણિયા, પક્ષના નેતા તરીકે દુલાભાઈ મેઘાભાઈ ગુજ્જર અને દંડક તરીકે ગણેશભાઈ જીણાભાઈ વાડોદરીયાની નિમણુંક કરવામાં આવી હતી.

જેમાં ગીર ગઢડા ગ્રામ પંચાયતના સરપંચ, સરપંચ પ્રતિનિધિ તેમજ સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ચુંટાયેલા પ્રમુખ અને ઉપપ્રમુખને હાર પહેરાવી પુષ્પગુચ્છથી સન્માન કર્યુ હતુ.

### અખિલ ભારતીય કોળી સમાજે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

# બાબરા : જેતપુરનાં મહિલા કોન્સ્ટેબલની આત્મહત્યા કેસમાં કસુરવાનો સામે કાર્યવાહી કરો

### રાજયનાં મુખ્યમંત્રી સમક્ષ તટસ્થ તપાસની માંગ કરાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૧૩

બાબરાના મામલતદાર મારફત રાજયનાં મુખ્યમંત્રીને અખિલ ભારતીય કોળી સમાજ દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, ગત તા.૬/૯/૨૦૨૩ના રોજ જેતપુરસીટી પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સટેબલ તરીકે ફરજ બજાવતા સ્વ. દયાબેન એસ.સરીયાએ આત્મહત્યા કરેલ છે. આ દયાબેન સરીયાને જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ છેલ્લા ઘણા સમયથી હેરાન પરેશાન કરતા હોય અને જેઓને બીન જરૂરી ત્રાસ આપતા હોય આમ આ મહીલા કોન્સટેબલ દયાબેનને ત્રાસ આપી મરવા મજબુર કરેલ હોય જેઓએ આ કોન્સ્ટેબલો પૈકીનાં બે કોન્સ્ટબલને મોબાઈલ સેટ મોકલેલ હોય તેમ છતાં જેઓએ હેરાન પરેશાન કરવાનું ચાલુ રાખેલ ઉપરાંત આત્મહત્યા કર્યાનાં આગળનાં દિવસે દયાબેન ઘેરેથી ફરજ પર જતા ત્યારે બસ સ્ટેન્ડમાં પણ અમુક સંખ્સો દ્વારા હેરાન પરેશાન કરવામાં આવ્યા હતા.

આ દયાબેન ૧૦૦ નંબરમાં ફોન કરી ફરીયાદ પણ નોંધાવેલ હોય તો તે બસ સ્ટેન્ડમાં લગાવેલ સી.સી.ટી.વી.ફુટેજની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે અને આ દયાબેનને મરવા મજબુર કરેલ હોય અને જેઓને કારણે આ દયાબેને આત્મ હત્યા કરેલ હોય જેથી આ તમામ ઈસ્મો સામે સખ્તમાં સખ્ત કાર્યવાહી કરી દયાબેનને ન્યાય મળે એ બાબતે યોગ્ય કાર્યવાહીની માંગ અંતમાં કરેલ છે.

### RBI એ ગ્રાહકોના હિતમાં આપ્યો આદેશ

# પ્રોપર્ટીના દસ્તાવેજો પરત કરવામાં વિલંબ કરશે તો ગ્રાહકોને વળતર ચૂકવવું પડશે

### તમામ બેંકોને સલાહ આપવામાં આવી છે કે તે લોનના સેક્શન લેટરમાં તમામ દસ્તાવેજો પરત કરવાની તારીખ અથવા સ્થળનો ઉલ્લેખ કરે

નવી દિલ્હી, તા.૧૩

પ્રોપર્ટી પર લોનના મામલે ભારતીય રિઝર્વ બેંકે ગ્રાહકોના હિતમાં મોટો નિર્ણય લીધો છે. હવે જો બેક્રો અથવા NBFC લોનની ચુકવણી કર્યા પછી પ્રોપર્ટીના દસ્તાવેજો પરત કરવામાં વિલંબ કરશે તો તેમણે ગ્રાહકોને વળતર ચૂકવવું પડશે. રિઝર્વ બેંકે બુધવારે સવારે આ અંગે નવો આદેશ જાહેર કર્યો છે.

રિઝર્વ બેંકે આ આદેશ નાની ફાઈનાન્સ બેક્રો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, સહકારી બેંકો, NBFCs, હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ અને એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીઓ સહિત તમામ કોમર્શિયલ બેક્રોને મોકલ્યો છે.

વાસ્તવમાં રિઝર્વ બેક્રને એવી ફરિયાદો મળી રહી હતી કે ગ્રાહકોએ લોનની સંપૂર્ણ ચુકવણી અથવા સેટલ કર્યા પછી પણ બેંકો અને NBFC વગેરે મિલકતના દસ્તાવેજો સબમિટ કરવામાં વિલંબ કરી રહી છે. રિઝર્વ બેંકે કહ્યું કે આ વિલંબને કારણે વિવાદ અને મુકદ્દમા જેવી સ્થિતિઓ ઊભી થઈ રહી છે.

સેન્ટ્રલ બેંકે તમામ સંબંધિત નાણાકીય સંસ્થાઓને તાજેતરના આદેશમાં રિસ્પોન્સિબલ લેન્ડિંગ કંડકટ એટલે કે જવાબદાર ધિરાણ આચરણની યાદ અપાવી હતી. આરબીઆઈનો ફેર પ્રેક્ટિસ કોડ આ સંદર્ભમાં સ્પષ્ટ સૂચનાઓ આપે છે કે જો ગ્રાહક પ્રોપર્ટી લોનના તમામ હપ્તાઓ ચૂકવે છે અથવા લોન સેટલ કરી લે છે તો આવી સ્થિતિમાં તેને તરત જ મિલકતના દસ્તાવેજો મળી જવા જોઈએ.

સેન્ટ્રલ બેંકના તાજેતરના આદેશમાં જણાવાયું છે કે તમામ નિયમનકારી સંસ્થાઓ (વાણિજ્યિક બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, સહકારી બેંકો, NBFCs અને એસેટ રિકંસ્ટ્રક્શન કંપની વગેરે) એ લોનના તમામ હપ્તાઓ મળવા અથવા સેટલ થવાના ૩૦ દિવસની અંદર ગ્રાહકોને તમામ ઓરિજનલ દસ્તાવેજો પાછા આપવા પડશે.

ગ્રાહકોને એ ઓપ્શન આપવામાં આવે કે તે પોતાની સુવિધા અનુસાર અથવા તો સંબંધિત બ્રાન્ચમાંથી આ દસ્તાવેજો લઈ શકે છે. અથવા તો તે બ્રાન્ચ અથવા જ્યાં દસ્તાવેજો રાખવામાં આવ્યા છે તે ઓફિસમાંથી પણ દસ્તાવેજો પરત લઈ શકે છે. તમામ બેંકોને સલાહ આપવામાં આવી છે કે તે લોનના સેક્શન લેટરમાં તમામ દસ્તાવેજો પરત કરવાની તારીખ અથવા સ્થળનો ઉલ્લેખ કરે. જો લોન લેનાર વ્યક્તિનું મૃત્યુ થાય છે તો આવી સ્થિતિમાં બેક્રોએ તમામ દસ્તાવેજો કાયદેસરના વારસદારને પરત કરવા અંગે સ્પષ્ટ પ્રક્રિયા નક્કી કરવી પડશે અને તેમની વેબસાઈટ પર આ પ્રક્રિયા વિશેની માહિતી પણ દર્શાવવી પડશે. જો બેંક અથવા અન્ય સંબંધિત સંસ્થાઓ નિર્ધારિત સમયની અંદર એટલે કે લોનની ચુકવણીના ૩૦ દિવસની અંદર દસ્તાવેજો પરત કરશે નહી તો આવી સ્થિતિમાં તેઓએ ગ્રાહકોને વળતર ચૂકવવું પડશે. બેંકો અને સંસ્થાઓએ પહેલા ગ્રાહકોને વિલંબ વિશે જાણ કરવી પડશે.

જો તેમના કારણે વિલંબ થાય છે તો ગ્રાહકોને વિલંબના દરેક દિવસ માટે ૫૦૦૦ રૂપિયાનું વળતર ચૂકવવું પડશે. દસ્તાવેજને કોઈ નુકસાન થવાના કિસ્સામાં દસ્તાવેજને ફરીથી કાઢવામાં ગ્રાહકને મદદ કરવાની જવાબદારી બેંકો અને સંબંધિત સંસ્થાઓની રહેશે.

### એશિયાકપમાં ભારતે શ્રીલંકાને ૪૧ રને હાર આપી

# વન-ડેમાં કુલદીપ યાદવ સૌથી ઝડપી ૧૫૦ વિકેટ લેનારો લેફ્ટ આર્મ સ્પિનર

### પેટા: લેફ્ટ આર્મ સ્પિનર કુલદીપ યાદવે શ્રીલંકા સામે ૯.૩ ઓવરમાં ૪૩ રન આપીને ૪ વિકેટ ઝડપી

નવી દિલ્હી, તા.૧૩

એશિયા કપ ૨૦૨૩ના સુપર-૪માં ભારતીય ટીમ શ્રીલંકાને ૪૧ રનથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કરનાર પ્રથમ ટીમ બની ગઈ છે. હવે ભારતીય ટીમ ૧૫ સેપ્ટેમ્બરના રોજ સુપર-૪માં તેની અંતિમ મેચ બાંગ્લાદેશ સામે રમશે. બીજી તરફ ફાઈનલમાં પહોંચવા માટે હવે શ્રીલંકા અને પાકિસ્તાન વચ્ચે આવતીકાલે ટક્કર થશે. ગઈકાલે રમાયેલી મેચમાં કુલદીપ યાદવે શાનદાર બોલિંગ કરી હતી. આ સાથે તેણે વનડેમાં મોટી સિદ્ધિ પણ પ્રાપ્ત કરી લીધી છે.

ભારતીય ટીમના લેફ્ટ આર્મ સ્પિનર કુલદીપ યાદવે ગઈકાલે શ્રીલંકા સામે ૯.૩ ઓવરમાં ૪૩ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. શાનદાર ફોર્મમાં ચાલી રહેલા કુલદીપે પાકિસ્તાન સામે પણ જબરદસ્ત બોલિંગ કરી હતી અને તે મેચમાં ૫ વિકેટ લીધી હતી. શ્રીલંકા સામે ૪ ચાર વિકેટ લેતાની સાથે જ કુલદીપે વનડેમાં ૧૫૦ વિકેટ પણ પૂરી કરી હતી.

તેણે આ સિદ્ધિ ૮૮ મેચોમાં પ્રાપ્ત કરી હતી. અ સાથે જ તે વનડેમાં સૌહતી ઝડપી ૧૫૦ વિકેટ લેનાર લેફ્ટઆર્મ સ્પિનર પણ બની ગયો છે. આ પહેલા આ રેકોર્ડ બાંગ્લાદેશના ખેલાડી અબ્દુર રઝાકના નામે હતો.રઝાકે ૧૦૮ વનડેમાં આ કારનામું કર્યું હતું.

વનડેમાં સૌથી ઝડપી ૧૫૦ વિકેટ લેનાર લેફ્ટ આર્મ સ્પિનર

કુલદીપ યાદવ - ૮૮ મેચમાં

અબ્દુર રઝાક - ૧૦૮ મેચમાં

બ્રેડ હોગ - ૧૧૮ મેચમાં

શાકિબ અલ હસન - ૧૧૯ મેચમાં

રવિન્દ્ર જાડેજા - ૧૨૯ મેચમાં

ઓવર ઓલ સ્પિનર્સના કુલદીપ ચોથા નંબરે છે. તે વનડેમાં સૌથી ઝડપી ૧૫૦ વિકેટ પૂરી કરનાર ચોથો સ્પિનર છે. આ લિસ્ટમાં પહેલા નંબરે પાકિસ્તાની ખેલાડી સકલેન મુશ્તાક છે. મુશ્તાકે ૭૮ મેચોમાં ૧૫૦ વિકેટ લીધી હતી. અફઘાનિસ્તાનના રાશિદ ખાન ૮૦ મેચો સાથે બીજા નંબરે, શ્રીલંકાના અજંતા મેંડિસ ૮૪ મેચો સાથે ત્રીજા નંબરે છે. કુલદીપ યાદવ ભારત તરફથી વનડેમાં બીજો સૌથી ઝડપી ૧૫૦ વિકેટ લેનાર બોલર છે. આ લિસ્ટમાં ટોપ પર મોહમ્મદ શમી છે. શમીએ ૮૦ મેચોમાં અ સિદ્ધિ હાંસલ કરી હતી.

વનડેમાં સૌથી ઝડપી ૧૫૦ વિકેટ લેનાર સ્પિનર

સકલેન મુશ્તાક - ૭૮ મેચમાં

રાશિદ ખાન - ૮૦ મેચમાં

અજંતા મેન્ડિસ - ૮૪ મેચમાં

કુલદીપ યાદવ - ૮૮ મેચમાં

ઈમરાન તાહિર - ૮૯ મેચમાં

### ભારતીય શેર માર્કેટમાં તેજીનો માહોલ

# સેન્સેક્સમાં ૨૪૬, નિફ્ટીમાં ૭૭ પોઈન્ટનો ઊછાળો નોંધાયો

### મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં જોરદાર ઘટાડો, બજાર બંધ થાય તે પહેલા રોકાણકારોની ખરીદીને કારણે રિકવરી

મુંબઈ, તા.૧૩

ભારતીય શેર માર્કેટમાં આજે તેજીનો માહોલ જોવા મળ્યો હતો, માર્કેટમાં આજે બન્ને મોટા ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી ઉપલી લેવર કારોબાર કરી રહ્યાં હતાં, દિવસના અંતે માર્કેટમાં જોરદાર વેચવાલી અને લેવાલી જોવા મળી.

કારોબારી દિવસના અંતે આજે બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૦.૩૭ ટકાના ઉછાળા સાથે ૨૪૫.૮૬ પૉઈન્ટ અપ રહ્યો અને ૬૭,૪૬૬.૯૯ના સ્તરે બંધ થયો હતો, તો વળી, એનએસઈ ઈન્ડેક્સ નિફ્ટીમાં પણ કારોબારમાં તેજી જોવા મળી, નિફ્ટી ૦.૩૮ ટકાના વધારા સાથે ૭૬.૮૦ પૉઈન્ટના ઉછાળા સાથે ૨૦,૦૭૦.૦૦ના સ્તરે બંધ રહ્યો હતો. આજે માર્કેટમાં ઓવરઓલ તેજીનો માહોલ જોવા મળ્યો હતો.

મંગળવારના ઘટાડા બાદ ભારતીય શેરબજાર બુધવારે ટ્રેડિંગ સેશનમાં શરૂઆતી આંચકા બાદ તેજી સાથે બંધ થયું હતું. આજે પણ દિવસના કારોબારમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ બજાર બંધ થાય તે પહેલા રોકાણકારોની ખરીદીને કારણે રિકવરી જોવા મળી હતી અને મિડકેપ અને સ્મૉલ ઈન્ડેક્સ ગ્રીનમાં પાછા ફર્યા હતા.

આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૨૪૬ પૉઈન્ટના ઉછાળા સાથે ૬૭,૪૬૭ પૉઈન્ટ અને નેશનલ સ્ટૉક એક્સચેન્જનો નિફ્ટી ૭૭ પૉઈન્ટના ઉછાળા સાથે ૨૦,૦૭૦ પૉઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો.

આજના કારોબારમાં બેંક્રિંગ શેરોમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. નિફ્ટી બેંક ૪૦૦ પૉઈન્ટના ઉછાળા સાથે બંધ થયો છે. આ ઉપરાંત ફાર્મા, મેટલ્સ, મીડિયા, એનર્જી, ઈન્ફ્રા, કન્ઝ્યૂમર ડ્યૂરેબલ્સ, હેલ્થકેર અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરો જોરદાર બંધ થયા છે. જ્યારે ઓટો અને આઈટી શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે.

નિફ્ટી મિડકેપ ગ્રીન કલરમાં બંધ રહ્યો હતો પરંતુ દિવસ દરમિયાન ઈન્ડેક્સ ૫૭૦ પૉઈન્ટ [redacted]

# પૂર્વ મંત્રી આઝમ ખા[redacted] આઝમખાનન[redacted] પર આઇટી-ઈ[redacted]

### રામપુર, મેરઠ, ગાઝિયાબાદ, સહારનપુર, સીતાપુર અને લખનઉના સ્થળો પર આઈટી અને ઈડીના દરોડા

લખનઉ, તા.૧૩

પૂર્વ મંત્રી અને સપાના વરિષ્ઠ નેતા આઝમ ખાનની મુશ્કેલી વધી છે આજે વહેલી સવારે તેના રહેણાંક સહિત અનેક સ્થળોએ આયકર વિભાગે અને ઈડીએ સવારે દરોડા પાડ્યા છે જેમાં રામપુર, મેરઠ, ગાઝિયાબાદ, સહારનપુર, સીતાપુર અને લખનઉના સ્થળોનો સમાવેશ થાય છે. આયકર વિભાગે અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વરા આઝમ ખાનના ૩૦ સ્થળો પર દરોડા ચાલી રહ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મધ્યપ્રદેશમાં પણ આઝમ ખાનના સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા [redacted]

# ઉના તાલુકા પંચાયતમાં પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની બિનહરિફ વરણી





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૧૩

ભારતીય જનતા પાર્ટીની પૂર્ણ બહુમતી ધરાવતી ઉના તાલુકા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખ સહિતના હાદ્દેદારોની અઢી વર્ષની મુદત પૂરી થતાં આગળના અઢી વર્ષની ટર્મ માટે પ્રમુખ–ઉપપ્રમુખ સહીતના હોદ્દેદારાની વરણી માટે પ્રાંત અધિકારી જે.એમ. રાવલના અધ્યક્ષ સ્થાને તાલુકા પંચાયત કચેરી ઉના બાયપાસ રોડ ખાતે બેઠક મળલ હતી. જેમાં પ્રમુખ તરીકે એભાભાઈ ડાયાભાઈ મકવાણા, ઉપપ્રમુખ તરીકે પુનુબા માંડણભાઈ ગોહીલ, કારાબારી સમિતિના ચેરમેન પદે મોહનભાઈ ભીમાભાઈ વાજા, શાસક પક્ષના નેતા તરીકે ધર્મિષ્ઠાબેન શાંતિભાઈ ડાગોદરા તથા દંડકના પદ સવિતાબેન પાલાભાઈ વાળાની બીનહરીફ વરણી કરવામાં આવી હતી.

### મણિપુરમાં ૩ મેથી શરૂ થયેલી જાતીય હિંસા હજુ જારી

# મણિપુરમાં હિંસામાં ૩ લોકોનાં મોત, પોલીસ-આસામ રાઈફલ્સ વચ્ચે સંઘર્ષ

### મણિપુર પોલીસે આસામ રાયફલ્સ પર શાંતિ અભિયાનમાં અવરોધ ઉભો કરવાનો આરોપ લગાવ્યો

ઈમ્ફાલ, તા.૧૩

મણિપુરમાં ૩ મેથી શરૂ થયેલી જાતીય હિંસા હજુ પણ ઘટના વિસ્તારોમાં જોવા મળી રહી છે, ત્યારે રાજ્ય પર વધુ એક સંકટ આવી ચઢ્યું છે.. દરમિયાન મણિપુરના કાંગપોકજીમાં આજે થયેલી હિંસામાં ૩ લોકોના મોત થયા છે, જ્યારે રાજ્યમાં ઓછામાં ઓછા ૫૦થી વધુના મોત થયા છે. રાજ્યમાં મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને હિંસાનું સૌથી મોટું કારણ માનવામાં આવ્યું છે. રાજ્યમાં હિંસાને ઠારવા રાજ્ય સરકાર ઉપરાંત કેન્દ્ર સરકાર પણ તમામ પ્રયાસો કરી રહી છે, જોકે આ પ્રયાસો વચ્ચે મણિપુર પોલીસ અને આસામ રાઈફલ્સ વચ્ચે સંઘર્ષના અહેવાલો સામે આવ્યા છે, જેના કારણે રાજ્ય પર વધુ એક સંકટ ઉભુ થયું છે. રાજ્યના ચુરાચાંદપુરને અડીને આવેલા બિષ્ણુપુરમાં હાલ શાંતિ અભિયાન ચલાવાઈ રહ્યું છે, ત્યારે મણિપુર પોલીસે આસામ રાયફલ્સ પર શાંતિ અભિયાનમાં અવરોધ ઉભો કરવાનો આરોપ લગાવ્યો છે. એટલું જ નહીં મણિપુર પોલીસે ૯મી આસામ રાઈફલ્સ વિરુદ્ધ સુઓ મોટો કેસ દાખલ કર્યો છે. ફરિયાદમાં આસામ રાઈફલ્સ વિરુદ્ધ ૫ ઓગસ્ટે કાર્યવાહીમાં રસ્તા પર અવરોધ ઉભો કરવાનો તેમજ એક પોલીસ દળને ડ્યુટી દરમિયાન રોકવાનો આરોપ લગાવાયો છે. ફરિયાદમાં એવો આરોપ લગાવાયો છે કે, આસામ રાઈફલ્સ દ્વારા શાંતિ અભિયાનમાં અવરોધ ઉભો કરવાના કારણે કુકી ઉગ્રવાદીઓને ભાગવામાં મદદ મળી અને ૩ મૈતેઈ સમુદાયના લોકોની મોત થઈ ગઈ. આ મામલે સેના દ્વારા ટ્વિટ કરી પ્રતિક્રિયા આપવામાં આવી છે.

સેના તરફથી જણાવાયું છે કે, સુરક્ષા દળોની ભૂમિકા અને ઈરાદાઓ પર કેટલાક અરાજકતા ફેલાવતા તત્વો હુમલા કરી રહ્યા છે અને તેમના પ્રયાસોને નબળો પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. સેનાએ કહ્યું કે, આસામ રાઈફલ્સ ૩ મેથી સતત મણિપુરમાં લોકોની જિંદગી બચાવવાનું અને રાજયમાં શાંતિ સ્થાપવાની દિશામાં કામ કરી રહી છે.

મણિપુરમાં અનુસૂચિત જનજાતિ (એસટી)નો દરજ્જો આપવાની મેઈતી સમુદાયની માંગના વિરોધમાં ત્રીજી મેએ પર્વતીય જિલ્લાઓમાં આદિવાસી એકજુટતા માર્ચનું આયોજન કરાયા બાદ હિંસક ઘટનાઓ શરૂ થઈ હતી. ત્યારથી અત્યાર સુધીમાં હિંસામાં ઓછામાં ઓછા ૧૫૨ લોકોના મોત થયા છે. મણિપુરમાં મેઈતી સમુદાયની ૫૩ ટકા વસ્તી છે અને તેઓ મુખ્યરૂપે ઈમ્ફાલ ખીણમાં રહે છે, જ્યારે નગા અને કુકી જેવા આદિવાસી સમુદાયોની વસ્તી ૪૦ ટકા છે અને તેઓ મુખ્યત્વે પર્વતીય જિલ્લાઓમાં રહે છે.

### મમતા દુબઈ અને સ્પેનના ૧૨ દિવસના પ્રવાસે

# જનતાનું સમર્થન મળશે તો સત્તા પર જરૂર આવીશું : મમતા બેનર્જી

### શ્રીલંકાના રાષ્ટ્રપતિએ ઈન્ડિયા ગઠબંધનના નેતૃત્વ કરવા અંગે સવાલ પુછતા પ. બંગાળનાં મુખ્યમંત્રીનો જવાબ

નવી દિલ્હી, તા.૧૩

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી હાલ દુબઈ અને સ્પેનના ૧૨ દિવસના પ્રવાસે છે. મમતાએ આજે શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે સાથે મુલાકાત કરી હતી અને નવેમ્બરમાં યોજાનાર સ્ટેટ બિઝનેસ સમિટ માટે આમંત્રણ પાઠવ્યું હતું.

આ દરમિયાન જ્યારે શ્રીલંકાના રાષ્ટ્રપતિએ મમતાને પૂછ્યું કે, "શું તમે ઈન્ડિયાગઠબંધનનું નેતૃત્વ કરશો ?" તો મમતાએ હસીને જવાબ આપ્યો... મમતાએ કહ્યું કે, જો જનતાનું સમર્થન મળશે, તો જરૂર સત્તામાં આવીશું.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, શ્રીલંકાના રાષ્ટ્રપતિ વિક્રમસિંઘેએ મને દુબઈ એરપોર્ટમાં જોઈ કેટલીક વાતચીત કરવા બોલાવી... હું તેમના અભિવાદનથી ખુબ ખુશ થઈ અને તેમને કોલકાતમાં યોજાનારા બંગાળ ગ્લોબલ બિઝનેસ સમિટ-૨૦૨૩ માટે આમંત્રણ પાઠવ્યું...

મમતાએ કહ્યું કે, મને રાષ્ટ્રપતિ વિક્રમસિંઘેએ પણ શ્રીલંકાની મુલાકાત લેવા આમંત્રણ પાઠવ્યું... આ એક સુખદ વાતચીત હતી.

ઉલ્લેખનિય છે કે, મમતા બેનર્જી મંગળવારે દુબઈ પહોંચ્યા હતા અને બુધવારે ફલાઈટમાં સ્પેન જવા રવાના થયા... પશ્ચિમ બંગાળમાં આ વર્ષે ૨૧ અને ૨૨ નવેમ્બરે બિઝનેસ સમિટ યોજાશે... મમતા તેમની દુબઈ અને સ્પેન યાત્રા દરમિયાન રાજ્યમાં રોકાણની તકો વધારવા બિઝનેસ સમિટમાં ભાગ લેશે.

### સુરતમાં ઈન્કમટેક્સ વિભાગનું મોટું સર્ચ ઓપરેશન

# સુરતમાં ડાયમંડ-જ્વેલર્સના ૩ ગ્રુપ પર આઈટીના દરોડા

સુરત, તા.૧૩

સુરતમાં ઈન્કમટેક્સ વિભાગે મોટુ સર્ચ ઓપરેશન હાથ ધરતા ત્રણ ગ્રુપના ૩૫થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા છે. ડાયમંડ અને જ્વેલર્સ સાથે સંકળાયેલા ત્રણ ગ્રુપ પર દરોડા પાડતા જ્વેલર્સ નગરીમાં સન્નાટો છવાયો છે.

ઈક્રટેક્સ દ્વારા પાર્થ ગ્રુપ, અક્ષર ગ્રુપ અને કાંતિલાલ જ્વેલર્સને ત્યા મોટાપાયે દરોડા પાડવામાં આવ્યા છે. આ મેગા ઓપરેશન માટે ૧૦૦ કરતા પણ વધુ અધિકારીઓ જોડાયા છે. આ સર્ચ ઓપરેશનમાં ઈક્રમટેક્સને મોટા પાયે બેનામી વ્યવહારો મળી આવે તેવી સંભાવના છે. સુરતમાં ઈક્રમટેક્સ વિભાગે ડાયમંડ અને જ્વેલર્સ સાથે સંકળાયેલા ત્રણ મોટા ગ્રુપ પર તવાઈ બોલાવી છે અને ૧૦૦થી વધુ અધિકારીઓ દ્વારા મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સુરતના જાણીતા પાર્થ ગ્રુપ, અક્ષર ગ્રુપ અને કાંતિલાલા જ્વેલર્સ ગ્રુપને ત્યાં ઈક્રમટેક્સ વિભાગનું સર્ચ ઓપરેશન શરુ કરવામાં આવ્યુ છે આ ઈક્રમટેક્ના દરોડાથી જ્વેલર્સ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીમાં ફફડાટ ફેલાયો છે. આ ઉપરાંત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજકોટ ખાતેના બે સ્થળોએ પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે.

# લીલીયા મોટા પોલીસ સ્ટેશન દ્વારા સુંદર વાતાવરણનું નિર્માણ કરવામાં આવ્યું



લીલીયા પોલીસ સ્ટેશન ખાતે બહારના ભાગે પડતર જગ્યા પડેલ હોય જે જગ્યામાં ગંદકી તથા બિનજરૂરી વાહનો તથા માલઢોરની અવર જવર રહેતી હોય અને કચરો એકઠો થતો હોય તે દરમિયાન લીલીયા પોલીસ મથકમાં SPI સિધ્ધરાજસિંહ ગોહિલની નિમણૂક થતા પડતર રહેલ જગ્યામાં લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા લોકોને ઉપયોગી થાય તેવું કોઈ કાર્ય કરવાની ઈચ્છા થતા તેઓએ લીલીયા પોલીસ સ્ટેશનના સાથ સહકાર તથા લીલીયા વિસ્તારની સહયોગી સંસ્થાઓ તથા ગ્રામજનોના સહકારથી એક ગાર્ડનનું નિર્માણ કરેલ અને ટૂંક સમયમાં સખત પરિશ્રમ કરી અને અથાગ મહેનત તથા દૂરદેશી વિચારધારા એ એક સુંદર વાટિકાનું નિર્માણ લીલીયા પી.એસ.આઈ. સિદ્ધરાજસિહ ગોહિલ તથા લીલીયા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ અને અમરેલી જિલ્લાના પોલીસ વડા હીમકરસિંહનાઓ ના હસ્તે તથા નાયબ પોલીસ અધિક્ષક જે.પી.ભંડારી તથા એચ ડી વોરા તથા સર્કલ પોલીસ ઈન્સ્પેકટર પી. એચ. પટેલની વિશેષ ઉપસ્થિતિમાં લીલીયા પોલીસ સ્ટેશન બહાર બનાવવામાં આવેલ સ્વામી વિવેકાનંદ વાટિકાનું ગ્રામજનો માટે લોકાર્પણ કરવામાં આવેલ હતું જેથી લીલીયા પંથક વિસ્તારમાં પોલીસની આવી શ્રેષ્ઠ કામગીરીને બિરદાવી અવિરત અભિનંદનની વર્ષાનો ધોધ વહેલ છે અને સદર હું સ્વામી વિવેકાનંદ વાટિકા એક અદભુત અકલ્પનીય ગાર્ડન બનાવવામાં આવેલ હોય જેનું લોકાર્પણ કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

### જિલ્લા કલેક્ટર અજય દહિયાનાં અધ્યક્ષ સ્થાને

## અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ સહિતનાં પદાધિકારીએ કાર્યભાર સંભાળ્યો

### જિલ્લા પંચાયતનાં તમામ સદસ્યો ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લા કલેકટર અને અધ્યાસી અધિકારી અજય દહિયાનાં અધ્યક્ષસ્થાને તેમજ જિલ્લા વિકાસ અધિકારી અને સચિવ દિનેશ ગુરવની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત ખાસ સભા યોજવામાં આવી હતી.

અમરેલી જિલ્લા કલેકટરનાં અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી અને સચિવની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા પંચાયત ખાતે યોજવામાં આવેલી. આ ખાસ સભામાં જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે ભરતભાઈ મનુભાઈ સુતરીયા અને જિલ્લા પંચાયત ઉપપ્રમુખ તરીકે સુરેશભાઈ ખીમજીભાઈ પાથરને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતાં. જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ મનુભાઈ સુતરીયા અને જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ ખીમજીભાઈ પાથરને પુષ્પગુચ્છ આપી તેમનું અભિવાદન કરવામાં આવ્યુ હતુ.જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ મનુભાઈ સુતરીયા અને જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ ખીમજીભાઈ પાથરે તેમને આ હોદ્દા માટે સહકાર અને આર્શીવાદ આપવા બદલ જિલ્લા પંચાયત અને જિલ્લાનાં વિવિધ હોદ્દેદારોનો આભાર વ્યકત કર્યો હતો. ખાસ સભાનું સંચાલન નાયબ જિલ્લા વિકાસ અધિકારી રાઠવાએ કર્યુ હતું. તેમણે જિલ્લા વહીવટી તંત્ર વતી શુભકામનાઓ પાઠવી હતી. અમરેલી ખાતે યોજાયેલ આ ખાસ સભામાં જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રેખાબેન મોવલીયા અને જિલ્લા પંચાયતનાં સદસ્યો, હોદ્દેદારો, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ચલાલા : જીલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી. નેશનલ સાયન્સ સેમિનારમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ચલાલા, તા. ૧૩

ચલાલા–યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ જીલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી નેશનલ સાયન્સ સેમીનારમાં ભાગ લીધો.


સેમીનારમાં ભાગ લઈ શાળા અને પરિવારનું ગૌરવ વધાર્યુ તે બદલ ખુબ ખુબ અભિનંદન.



### ત્રિદલં ત્રિગુણાકારં ત્રિનેત્રં ચ ત્રિયાયુધમ્

## શિવજીને પ્રિય બિલીપત્ર અને તેનું મહત્વ

### સ્વાસ્થ્ય માટે લાભકારી એવું બિલીપત્ર



બિલિપત્ર શિવજીને ખુબ જ પ્રિય હોવાનું મનાય છે. બિલિ પત્રનાં ત્રણ પાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણ દેવનું પ્રતિક હોવાનું કહેવામાં આવે છે. તે ભગવાન શિવની ત્રીજી આંખનું પ્રતીક છે. તેને હિન્દુ ધર્મમાં ખુબ જ પવિત્ર માનવામાં આવે છે. અને શિવપૂજનમાંા પણ બિલિપત્રનો અવશ્ય સમાવેશ કરવામાં આવે છે. એ માત્ર ધાર્મિક દ્રષ્ટિએ જ નહિ, પણ આરોગ્યની દ્રષ્ટિએ પણ બિલિપત્ર ખુબ જ ફાયદાકારક છે. આયુર્વેદ મુજબ બિલિપત્રમાં અનેક ઔષધીય ગુણો રહેલા છે. તેના ત્રણ પત્રમાં સત્વ, રજસ અને તમસ એમ ત્રણે ગુણો રહેલા હોય છે.સત્વએ પોઝિટિવ એનર્જી છે. જયારે રજસ અને તમસ નેગેટિવ એનર્જી છે. એવું માનવમાં આવે છે.કે બિલિપત્રનો મધ્યભાગ સત્ય અર્થાત પોઝિટિવ એનર્જીને આકર્ષ છે.જો કોઈ નેગેટિવ એનર્જીની અસરવાળી વ્યકિત પણ બિલિપત્રને સ્પર્શ તો તેનામાં પોઝિટિવ એનર્જી આવી જાય છે.

બિલિ વૃક્ષનાંા મુળ, પાન,ફળ ાઅને વૃક્ષનાંા બધા જ ભાગ વિવિધ રોગોનાં ઉપચારમાં ઉપયોગી છે.ા આ પવિત્ર વૃક્ષા પેઢામાંથી લોહી નીકળતું હોય, ડાયેરિયા, અસ્થમા, કમળો, લોહીની ઉણપ જેવા અનેક રોગોમાં ખુબ જ મદદરૂપ છે.

ડાયેરિયાની સમસ્યા હોય તો બિલિના ફળને સુકવીને તેનું સેવન કરવું જોઈએ. પાઈલ્સ થયા હોય કે પછી કોઢની સમસ્યામાં ાપણ બિલિફળનાં પાવડરનું સેવન કરવુ જોઈએ. આંખ અને કાનનાં રોગોમાં પણ બિલિફળ ઘણું અસરકારક છે. જુના જમાનામાંા ફેકચર થયું હોય તો વૈદ્યો બિલિનાંા પાવડરમાં હળદર અને ઘી મિકસ કરીને તુટી ગયેલા હાડકાા પર લેપ કરતા હતા. કબજિયાની સમસ્યાા નીવારવા માટે બિલિનું ફળ એ ખુબ જ અસરકારક ઈલાજ છે.

બિલિના ફળનાં માવામાં થોડી કાળી મરી અને મીઠુ ઉમેરવાથી આંતરડામાંથી ઝેરી તત્વો શરીરની બહાર ફેકાઈ જાય છે. કબજિયાતની સમસ્યા માટે બિલિફળનું શરબત પણ લઈ શકાય છે. બિલિ ફળમાં એવા તત્વો હોય છે જે લોહીમાં શુગરનું પ્રમાણ કંટ્રોલમાં રાખે છે.વૈદ્યની સલાહ પછી જ બિલિનો જે તે પ્રયોગ કરવો જોઈએ.

બિલિમાં ાએવા તત્વો છે. જેમાં એન્ટિ – ઓકિસડન્ટસ રહેલા છે. અને તે પેટમાં પડેલા ચાંદામાં ઘણી રાહત આપે છે. તે શરીરમાં એસિડનું પ્રમાણ ઘટાડવામાં મદદરૂપ બને છે. આ ઉપરાંત શરીરમાં વાયરલ ઈન્ફેકશન ફેલાયું હોય તો પણ બિલિફળ ઘણી રાહત આપે છે.

વિટામિન સીની ઉણપને કારણે ઘણા લોકોને દાંત અને પેઢામાંથી લોહી નીકળવાની સમસ્યા થતી હોય છે. બિલિફળમાં વિટામિન સી સારી માત્રામાં ાહોય છે.

જેને કારણે તે ખાવાથી સ્કર્વી કે પેઢા – દાંતમાંથી લોહી નીકળવાની સમસ્યામાંથી છુટકારો મળે છે. લાઈફસ્ટાઈલને કારણે ઉંચો કોલેસ્ટ્રોલ એ એક સામાન્ય સમસ્યા થઈ ગઈ છે. બિલિફળમાં રહેલા તત્વો શરીરમાં રહેલા કોલેસ્ટ્રોલને કાબુમાં રાખે છે. જો પાકેલા બિલિફળમાં ઘી મિકસ કરીને તેને ભોજન સાથે લેવામાં આવે તો હૃદયરોગનું જોખમ ઘટે છે. હૃદયરોગથી બચવા માટે વૈદ્યો વર્ષોથી આ ઉપચાર કરતા આવ્યા છે.

આ ઉપરાંત તે શ્વસનતંત્રનાં રોગ, શરદી વગેરેમાં પણ ખુબ જ ફાયદાકારક પુરવાર થાય છે. તેનાં ફળનો માવો નહાતાા પહેલા માથામાં લગાવવામાં આવે તો શરદીથી છુટકારો મળે છે. શરીરમાં કોઈ પણ ભાગે સોજો આવ્યો હોય તો તેના પર બિલિ ફળનો ગર લગાવવાથી સોજા તરત જ ઉતરી જાય છે. બિલિનું વૃક્ષ એ અત્યંત મહત્વનું વૃક્ષ છે. – સ્વાસ્થ્ય માટે લાભકારી એવું બિલિપત્ર , ત્રિદલ ત્રિગુણાકાર ત્રનેત્રંચ ત્રિયાયુતમ, ત્રિજન્મપાપસંહાર, એક બિલ્વમ્ શિવાર્પણમ્ ॥ મિતલ ખેતાણી

(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### G-20 Rangoli in Barcelona

## અમરેલીનાં દિવ્યેશ વોરા અને દિપ્તી વોરાની રંગોળીએ સ્પેનમાં જમાવટ કરી

### રંગોળી આર્ટ દ્વારા એકતાનો સંદેશ આપ્યો





અમરેલી, તા. ૧૩

INTERNATIONAL ART FESTIVAL,2023 ના રંગોળી Performance માં ભારતમાંથી આકૃતિ રંગોળીનાં દીવ્યેશ વોરા અને દિપ્તી વોરાને દર વર્ષની જેમ આ વર્ષે પણ આમંત્રણ આપવામાં આવેલ હતું. બન્ને રંગોળી કલાકાર સને ૨૦૧૮ થી ભારતની રંગોળી આર્ટનું પ્રતિનિધિત્વ વિદેશમાં કરે છે.

આ વર્ષે વિશ્વનાં અલગ અલગ ત્રણ ખંડ/Continent, ૧૨ દેશમાંથી આવેલ ૨૦૦થી વધારે કલાકારોનાં સહયોગથી ૩૦ 30 Rangoli બનાવવામાં આવેલ હતી. જેમાં ગુજરાત રાજયનાં ભારત દેશનાં દીવ્યેશ વોરા અને દિપ્તી વોરાએ જી ૨૦ ની થીમ પર ૧૫ ફૂટ સાઈઝની રંગોળી બનાવી હતી. આ રંગોળી બનતા ૪ કલાક લાગ્યા હતા.

વર્ષ ૨૦૨૩ માં જયારે ભારત G20 Summit માટે Presidency કરી રહ્યું છે ત્યારે રંગોળી આર્ટનાં માધ્યમથી One Earth-One Family નો સંદેશ વિશ્વભરમાં આપવા માટે આ થીમ પસંદ કરવામાં આવેલ.

આ રંગોળીમાં જી૨૦ Logo દર્શાવવામાં આવેલ, સાથે રંગોળીમાં Logo આસપાસ બનાવવામાં આવેલ કમળની Design ભારતીય કલા અને સંસ્કૃતિનો વારસો દર્શાવે છે તેમજ Rangoli માં લખવામાં આવેલ વર્ષ ૨૦૨૩ અને 'વસુધૈવ કુટુંબકમ' ને સ્પેનિશ ભાષામાં 'El Mundo es una Familia' લખીને ભારત જયારે જી ૨૦ SummIt નાં માધ્યમથી વિશ્વમાં એકતાનો સંદેશ આપી રહ્યું છે.

ત્યારે ગુજરાત રાજયનાં, ભારત દેશનાં દીવ્યેશ વારા અને દિપ્તી વારાએ આ સંદેશ તેમની રંગોળી આર્ટ દ્વારા બાર્સેલોના, સ્પેન દેશ ખાતે જી ૨૦ થીમ Rangoli બનાવીને ભારતના Art-Culture દ્વારા વિશ્વમાં એકતા અને શાંતિ કાયમ રહે તેમજ વિશ્વનાં દેશો એક પરિવારની જેમ સંબંધો જાળવી રાખે તેવો એક પ્રત્ન રંગોળી આર્ટ દ્વારા કરવામાં આવેલ.

## સા.કુંડલા : ગૌવંશનાં પરિવારનાં મોક્ષાર્થે નારાયણબલી યજ્ઞ યોજાશે

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર ખોડિયાર મંદિર પાછળ આવેલા શ્રી રાધાકૃષ્ણ ગૌસેવા ટ્રસ્ટ સાવરકુંડલા આયોજિત ગૌમાતા તેમજ ગૌવંશના પરિવારના મોક્ષાર્થે નારાયણબલી યજ્ઞનું આયોજન. આ નિમિત્તે સંતવાણી અને ડાયરાનું આયોજન પણ કરવામાં આવેલ છે. સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર પાડરશીંગા ખોડિયાર મંદિર પાછળ આવેલા શ્રી રાધાકૃષ્ણ ગૌસેવા ટ્રસ્ટ સાવરકુંડલા આયોજિત ગૌમાતા તેમજ ગૌવંશના પરિવારનાં મોક્ષાર્થે તારીખ ૨૩–૯–૨૦૨૩ને શનિવારે સવારે ૮ કલાકે નારાયણબલી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં હેમાદ્રિ પ્રયોગ સવારે ૮ કલાકે, ભોજન પ્રસાદ બપોરે ૧૨–૩૦ કલાકે, બીડું સાંજે ૫ વાગ્યે હોમવામાં આવશે. અને રાત્રે ૯–૩૦ કલાકે સંતવાણી અને ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંતવાણી અને ડાયરામાં લોકસાહિત્યકાર લાખણશી ગઢવી, પી.વી.જાદવ અને ભજનીક રીનાબેન ગોસ્વામી અને રેખાબેન વાળા ભજનની અમૃતવાણી સંભળાવશે.. આ પ્રસંગનો લ્હાવો લેવા ધર્મપ્રેમી જનતાને પૂ. માતાજી, શ્રી રાધાકૃષ્ણ ગૌસેવા ટ્રસ્ટ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. જે લોકોએ યજ્ઞમાં બેસવું હોય તેમણે ૧૬–૯–૨૦૨૩ના રોજ મોબાઈલ નંબર ૯૮૭૯૪૦૯૯૧૨ પર નોંધણી કરાવવા પણ જાણ કરવામાં આવેલ છે.

# પિપાવાવ : એપીએમ ટર્મિનલ્સ પોર્ટ આસપાસ રહેતા સમુદાયોને શિક્ષણ અને કૌશલ્ય વિકાસ દ્વારા સશક્ત બનાવે છે



ગુજરાત–એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩નાં રોજ ગુજરાતનાં રાજુલા તાલુકાની રામપરા હાયર સેકન્ડરી સ્કૂલમાં એર–કન્ડિશન્ડ પરમ–કમ્પ્યૂટર લેબ શરૂ કરીને અને તેનું ઉદ્‌ઘાટન કરીને સમુદાય કલ્યાણ માટે તેની પ્રતિબદ્ધતા આગળ ધપાવી હતી. લેબ ૩૦ ઓલ–ઈન–વન પીસી, અવિરત વીજ પુરવઠો, લેટેસ્ટ ઓપરેટિંગ સિસ્ટમ, સોફટવેર અને એલસીડી પ્રોજેકટર સેટથી સજ્જ છે.જે ધોરણ ૯ થી ૧૨નાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે મૂલ્યવાન સ્ત્રોત બની રહેશે. કમ્પ્યૂટર લેબ ઉપરાંત એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે ખાસ સીવણ, ભરતકામ અને ટેલરીંગ વર્ગોનું પણ અનાવરણ કર્યુ હતું. જે ખાસ કરીને રામપરા ગામની મહિલાઓને સશકત બનાવવા માટે તૈયાર કરાયેલ છે. આ વર્ગો ૫૦ મહિલાઓને તાલીમ આપવાનું તથા તેમને સ્વરોજગાર તરફ દોરી શકે તેવા મૂલ્યવાન કૌશલ્યોથી સજ્જ કરવું લક્ષ્યાંક ધરાવે છે. આ પહેલ સમુદાયમાં મહિલા સશકિતકરણ અને આર્થિક ઉત્થાન માટે કંપનીની પ્રતિબદ્ધતાને રજૂ કરે છે. ઉદ્‌ઘાટન સમારંભમાં એપીએમ ટર્મિનલ્સ પીપાવાવનાં ચીફ ઓપરેટિંગ ઓફિસર, કેપ્ટન પી.કે. મિશ્રા ઉપસ્થિત રહ્યાં હતાં. જેમની સાથે આ પહેલની ઊજવણીમાં ગામનાં આગેવાનો, સ્કૂલનાં પ્રિન્સિપાલ, શિક્ષકો અને ઉત્સાહી વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતાં. કેપ્ટન મિશ્રાએ પ્રદેશમાં સામાજિક–આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને મહિલા સશકિતકરણનાં મહત્વ પર પ્રકાશ પાડયો હતો. એપીએમ ટર્મિનલ્સ પીપાવાવનું રાજુલા તાલુકાનાં ગામડાની સુધારણા માટેનું સમર્પણ શિક્ષણ અને કૌશલ્ય વિકાસથી આગળ વધે છે. કંપનીનાં વ્યાપક સીએસઆર પ્રોજેકટસમાં ખેતી, પશુધન વિકાસ, હેલ્થકેર અને અન્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ પહેલ એપીએમ ટર્મિનલ્સ પીપાવાવની પોતે જે સમુદાયોને સેવાઓ પૂરી પાડે છે. તેમાં ટકાઉ સામાજિક–આર્થિક વિકાસ માટેની પ્રતિબદ્ધતા વ્યકત કરે છે.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલમાં નંદોત્સવની આસ્થાભેર ઉજવણી






ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ તથા શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ દ્વારા આયોજિત ભવ્ય નંદોત્સવની તા. ૧૨/૯/૨૩ ને મંગળવારનાં રોજ શાળા કેમ્પસમાં ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિને અનુરૂપ અને સર્વે ભકતજનોનાં શ્રધ્ધારૂપ ભગવાન શ્રીકૃષ્ણનો ઉત્સવ ઉજવવા માટે બાળકો તથા વાલીઓમાં અનેરો થનગનાટ જોવા મળ્યો હતો. સૌપ્રથમ કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાનાં ડાયરેકટર વસંતભાઈ પેથાણીનાં ઉદ્‌બોધનથી થઈ હતી. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઉત્સાહપૂર્વક ઉપસ્થિત સર્વે બાળકો–માતાઓને આવકારીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. વાલીઓ પણ વિશાળા સંખ્યામાં ઉપસ્થિત રહી બાળકોનાં આનંદમાં સહભાગી થયા હતા. શાળાનાં વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉત્સવ કાર્યક્રમમાં બેસ્ટ કાના, બેસ્ટ રાધા અને બેસ્ટ માતા જશોદા–કૃષ્ણ જેવી સ્પર્ધાનું આયોજન કરી બાળકોને પોતાની પ્રતિભા, કૌશલ્ય અને પરંપરાગત વેશભુષામાં રાસોત્સવનો આનંદ માણવાની તક મળી હતી. આ નંદોત્સવમાં બાલમંદિરથી ધોરણ ૧ થી ૮ નાં ગુજરાતી માધ્યમ, મિક્ષ માધ્યમ તથા અંગ્રેજી માધ્યમનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ વેશભુષામાં સજજ થઈ પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યુ હતું. ભાગ લેનાર તથા નંબર પ્રાપ્ત કરનાર તમામ સ્પર્ધકોને પ્રોત્સાહક ઈનામો આપી નવાજયા હતા. આ તકે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ સ્કૂલનાં પ્રિન્સીપાલ તથા કો–ઓર્ડિનેટર તથા શિક્ષકોએ હૃદયપૂર્વક શુભકામના પાઠવી હતી.

## શ્રી ખડસલી પ્રાથમિક શાળાની કૃતિ ગાય આધારિત ખેતી પસંદગી પામી



સાવરકુંડલા, તા. ૧૩

તારીખ ૧૨–૯–૨૦૨૩ નાં રોજ સી.આર.સી. કક્ષાનો વિજ્ઞાન મેળો એસ.એમ.જી.કે સાવરકુંડલા ખાતે યોજાયેલ.

જેમાં સી.આર.સી. ખડસલીના વિભાગ ૩ (કૃષિ)માં શ્રી ખડસલી પ્રાથમિક શાળાની કૃતિ ‘ગાય આધારિત ખેતી’ શ્રેષ્ઠ કૃતિ તરીકે પસંદ થઈ પ્રથમ નંબરે આવેલ. બાળ વૈજ્ઞાનિકો ગોંડલિયા જીલ, સોલંકી ગીતા, જોગરાણા ધૃવિ અને માર્ગદર્શક કિરીટભાઈ રાઠોડ તેમજ તાલીમાર્થી આશિષ રાઠોડ, નેહા ગાગિયાને આચાર્ય જે.બી. નીનામા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

પાના ૮ ઉપરનું ચાલું **આંબરડી ગામ નજીક**

પોતાના હવાલાવાળી એસ.ટી. બસ જાફરાબાદથી અમરેલી લઈને આવી રહ્યા હતા. ત્યારે સાવરકુંડલા તાલુકાનાં આંબરડી ગામ નજીકથી એસ.ટી. બસ પસાર થતી હતી ત્યારે સામેથી ભેંસનું ટોળુ આવતું હોય તેમાંથી એક પાડી ભડકી અને બસની આગળનાં ભાગે અથડાતા ત્રણ અજાણ્યા ઈસમોએ આવી બસ ચાલક ઉપર કુહાડીનાં હાથા વડે હુમલો કરી માર મારી ફરજમાં રૂકાવટ કર્યાની તથા એસ.ટી. બસનાં કાચને તોડી નાખી નુકસાન કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું **લીલીયાનાં બવાડા ગામેથી**

બિનઅધિકૃત ખનન અને વહનની પ્રવૃતિને ડામવા સઘન ચેકીંગની કામગીરી કરતાં તા. ૧૧/૩/૨૩ નાં રોજ રેતી ચોરી કરતાં લીલીયા તાલુકાનાં બવાડા ગામેથી ૧ ડમ્પર બિન અધિકૃત સાદી રેતી ખનિજ વહન અને ૧ જેસીબી મશીન બિનઅધિકૃત સાદી રેતી ખનિજ ખનન બદલ સીઝ કરી લીલીયા પોલીસ સ્ટેશન ખાતે અટક કરવામાં આવેલ અને દંડકીય કાર્યવાહી કરવામાં આવશે. આમ, ખાણ ખનીજ તંત્ર દ્વારા આશરે ૧૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ખનીજ ચોરી કરનાર ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **લકઝરી બસને ટ્રેલરે**

ઘસેડી હતી. આ ગમખ્વાર અકસ્માતની જાણ થતાની સાથે જ પોલીસના અધિકારીઓ ત્યાં આવી પહોંચ્યા હતા. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, આ ગોઝારો અકસ્માત લખનપુર પોલીસ સ્ટેશન વિસ્તારના હંત્રા ગામ પાસે થયો છે. ઈજાગ્રસ્તોને હાલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ઘટનાની માહિતી મળતા જ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. મળતી માહિતી પ્રમાણે, આ બસમાં તમામ મુસાફરો ભાવનગરના હતા. આ લોકો મથુરા દર્શન કરવા માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન જયપુર નેશનલ હાઈવે પર બસની ડિઝલ પાઈપ ફાટી ગઈ હતી. જેના કારણે બસ ખરાબ થઈ ગઈ હતી અને રસ્તામાં જ રોકીને રિપેર કરાવવામાં આવી હતી. આ દરમિયન પૂરપાટ આવતા ટ્રેલરે બસને ધડાકાભેર અથાડી હતી. ટ્રેલરે બસને અથાડીને ૨૦થી ૨૫ ફૂટ જેટલી ઘસેડી હતી. જેમાં બસની પાછળ ઉભેલા લોકો અને બસની પાછળની સીટ પર બેઠેલા મુસાફરોનાં ૧૧ લોકોના મોત થયા છે અને અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. હાલ તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામા આવ્યા છે. આ બસના અનેક મુસાફરોનો આબાદ બચાવ થયો છે. આ લોકો બસ રિપેર થતી હતી તેની સામેની બાજુ બેઠા હતા અને બસ બરાબર થઈ જાય તેની રાહ જોતા હતા. હાલ આ ગોઝારો અકસ્માત સર્જનાર ટ્રેલરનો ડ્રાઈવર ફરાર છે. પોલીસ આ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી રહી છે.

### મૃતકોના નામ

ભાવનગર, તા.૧૩

આગરા જયપુર નેશનલ હાઈવે પર એક ભયાનક અકસ્માત સર્જાયો છે. ટ્રેલરે પાર્ક કરેલી બસને પાછળથી ટક્કર મારતા ૧૧ લોકોના મોત નીપજ્યા છે. મૃતકોના નામ નીચે મુજબ છે.

- અન્નુભાઈ ગ્યાની ૫૫ વર્ષ
- નંદરામભાઈ ગ્યાની ૬૮ વર્ષ
- લલ્લુભાઈ ગ્યાની
- ભરતભાઈ ભીખાભાઈ
- લાલજીભાઈ મનજીભાઈ
- અંબાબેન ઝીણાભાઈ
- કામ્વૂબેન પોપટભાઈ
- રામૂ બેન ઉદાભાઈ
- મધુબેન અરવિન્દ ભાઈ દાગી
- અંજૂબેન થાપાભાઈ
- મધૂબેન લાલજીભાઈ

પાના ૧ ઉપરનું ચાલું **રાજુલા પંથકમાં ઘણા દિવસો બાદ**

ગામમાં વરસાદ વરસી પડયો હતો. દોઢ મહિના બાદ ગ્રામ્ય પંથકમાં વરસાદે હેત વરસાવતા ખેડૂતો અને લોકોમાં આનંદની લાગણી જોવા મળતી હતી. બાદમાં રાજુલા શહેરમાં ઢળતી સંધ્યાએ મેઘરાજા મહેરબાન થયા હોય દોઢ મહિના પછી ૧૦ મી.મી. વરસાદ પડી જતાં રાજુલા શહેરનાં નિચાણવાળા વિસ્તાર પાણી પાણી થઈ જવા પામેલ હતા. જયારે રાજુલા છતડીયા માર્ગ ઉપર પણ ગોઠણડૂબ પાણી ભરાયા હતા.

આમ અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકા વિસ્તાર બાદ સમગ્ર જિલ્લામાં વરસાદ પડે તેવી લોકોમાં આશા ઉભી થવા પામી છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનો યુવક સરાજાહેર**

દારૂની બદી સદંતર દુર કરવાં અને આવી પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી સફળ રેઈડો કરી કડક કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સપેકટર આર.જી. ચીકાણના માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે અમરેલીના ઉદ્યોગનગરથી હનુમાનપરા રોડ જવાના રસ્તા પાસેથી આરોપી અજયભાઈ શંકરભાઈ ડામોરને વિદેશી દારૂની બોટલ નંગ–૪ કિંમત રૂા. ૧૪૪૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધમાં અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## થોરડી : લોકવિદ્યા મંદિર અને નિવાસી અંધ વિદ્યાલયનું ગૌરવ



સાવરકુંડલા, તા. ૧૩

અખિલ ભારતીય શાળાકીય સ્પર્ધા ૨૦૨૩માં અમરેલી જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધાનું આયોજન વિદ્યાસભા સંકુલમાં યોજાયું હતું. જેમાં લોકવિદ્યા મંદિર થોરડીની ટીમે સાવરકુંડલા તાલુકાનું પ્રિતિનિધિત્વ કર્યુ હતુ અને લોકવિદ્યા મંદિર થોરડીની અંડર – ૧૭ની કબડ્ડીની ટીમે બાબરા, ખાંભા, તરવડાની ટીમો સામે જબરદસ્ત જીત મેળવી જાફરાબાદ તાલુકા સામે ફાઈનલમા જીત મેળવી અમરેલી જિલ્લામાં લોકવિદ્યા મંદિરની ટીમ વિજેતા બની છે. જે હવે અમરેલી જિલ્લાનું પ્રિતિનિધિત્વ કરશે અને આણંદ ખાતે રાજય કક્ષાએ રમવા જશે. જે માહિતી લોકવિદ્યાલય મંદિર થોરડી ટીમના કોચ અને પી. ટી. શિક્ષક દિપુભાઈ ભૂંકણ દ્વારા જણાવેલ છે. ટીમ રાજય કક્ષાએ જીત મેળવી અમરેલી જિલ્લાનું તાલુકાનું અને શાળા તેમજ પરિવારનું ગૌરવ વધારે તેવી સમગ્ર શાળા પરીવાર વતી શુભકામનાઓ પણ પાઠવવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા : માર્કેટયાર્ડમાં લીલા ગુવારની**

મળે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગુવારની શરૂઆત બજાર ખુબજ નબળી હતી જેનું કારણ સતત વરસાદના કારણે આવક પણ ઘટી હતી અને ગુવારની નબળી કવોલિટી પણ હતી જેના કારણે કિલોએ રૂા. ૮ રહ્યા હતા પણ પછી સારો ગુવાર આવતા બજાર પણ સુધરી હતી અને હાલ ભાવ રૂા. ૨૦ થી ૨૫ બોલાઈ રહ્યો છે જેના કારણે ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

હાલ બાબરા તાલુકામાં સારા વરસાદના કારણે યાર્ડમાં ૧૫૦ થી ૨૦૦ મણ ગુવારની આવક જોવા મળી રહી છે પણ ગત વર્ષે ૮૦૦ મણની આવક જોવા મળી હતી. પણ સતત વરસાદ પડયો અને ખેંચાયો એટલે આવકમાં મોટો નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.

બાબરા યાર્ડમાંથી રાજય બહાર દિલ્હી તેમજ જિલ્લા બહાર વડોદરા, આણંદ, રાજકોટ અને અમરેલી સહિતના સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં બાબરા પંથકનો ગુવાર નિકાસ કરવામાં આવે છે.

## પવિત્ર શ્રાવણ માસ પૂર્ણ થઈ રહ્યો હોય વાકુંનીધારનાં મહંત રામબાલક દાસ બાપુનાં મૌનનું સમાપન થશે

### શનિવારે મનિન્દરજીતસિંહ બિટ્ટા ઉપસ્થિત રહેશે



સાવરકુંડલા, તા. ૧૩

પરમ્ પૂજનીય ગુરૂદેવ શ્રી રામબાલક દાસ બાપુનાં શ્રાવણ માસ દરમ્યાન મૌનવ્રત ધારણ કરેલ. જે મૌનવ્રત પૂર્ણ થતા તા. ૧૬–૦૯–૨૦૨૩ ને શનિવાર સવારનાં ૯–૦૦ કલાકે સેવકગણને આશીર્વચન પાઠવશે તેમજ પૂ.બાપુનાં મૌનવ્રત છોડાવવા ઓલ ઈન્ડિયા એન્ટી ટેરરિસ્ટ ફ્રન્ટનાં ચેરમેન મનિન્દરજીત સિંગ બિટ્ટા વાંકુની ધાર પધારશે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાની નાવલી નદીએ**

કરોડના ખર્ચે સાવરકુંડલા નાવલી નદીના કાંઠે પાંચ કિલોમીટર લાંબો રિવરફ્રન્ટ બનાવવામાં આવશે અને નાવલી ફરી પાછી નવ પલ્લવીત થઈ તેમાંથી ખળખળ જળ વહેતા થશે જે આવકાર્ય છે. પરંતુ અત્યારે પ્રાથમિક પાયાની નાની–નાની સમસ્યાનો ઉકેલ કે જે સ્થાનિક લેવલે ઉકલી શકે છે એ ઉકેલવાની જરૂર છે. જો રાજકીય ઈચ્છા શકિત હોય તો જે નાના નાના પ્રશ્નો પરંતુ પ્રાથમિક આરોગ્ય સ્વાસ્થ્ય સાથે જોડાયેલા છે તેમાં નાવલીની તાત્કાલિક સફાઈ અને બીજું સરકારી જુના ગોડાઉન, સ્ટેશન રોડ સાવર વિભાગમાં જે ગાયોના ગોંદરાવાળો આખો વિસ્તાર છે, આ આખો વિસ્તાર ભયંકર ગંદકીથી ખદ બદી રહ્યો છે. એમાંય ચોમાસામાં વરસાદની સિઝનમાં આ વિસ્તારમાં રહેતા લોકોની તો શું હાલત થતી હશે એ કલ્પના બહારની વાત છે. ત્યાંથી પસાર થવું પણ ભયંકર ત્રાસદાયક હોય છે તો આખા વિસ્તારને કોઈપણ રસ્તો કાઢી આ ભયંકર ગંદકીમાંથી બહાર લાવવાની જરૂર છે.

આ સિવાય સૌથી સળગતો પ્રશ્ન છે રસ્તે રખડતા ઢોર નો. રાજય સરકાર દ્વારા આખી આ માટે પોલીસી બહાર પાડવામાં આવી છે તેનો અમલ મોટા શહેરોમાં થઈ ચૂકયો છે તો સાવરકુંડલામાં આ પોલીસી હજી સુધી કેમ અમલમાં આવી નથી..!! યુદ્ધનાં સ્તરે આ પોલીસી અમલમાં મૂકવા માટે ધારાસભ્ય અને સાંસદે પણ અંગત રસ લઈ નિર્દોષ લોકો જે આ કારણે ભોગ બને છે તેને ધ્યાનમાં લઈ કામગીરીની જરૂર છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૪૨૫ |
| ૨ | શિંગ મોટી | ૯૮૫ | ૧૪૫૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૬૦ | ૧૮૫૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૨૦ | ૧૭૦૦ |
| ૫ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૪૦૧ |
| ૬ | તલ કાળા | ૧૮૦૦ | ૩૧૪૪ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૫૫૦ | ૩૫૫૦ |
| ૮ | બાજરો | ૩૩૧ | ૩૬૦ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૧૦૨૬ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૮૧ | ૬૦૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૫૭ |
| ૧૨ | મગ | ૧૩૪૦ | ૨૧૨૬ |
| ૧૩ | અડદ | ૭૧૦ | ૧૯૦૦ |
| ૧૪ | ચણા | ૬૬૬ | ૧૨૨૦ |
| ૧૫ | ચણા દેશી | ૧૧૫૪ | ૧૧૫૪ |
| ૧૬ | ચોળી | ૧૪૬૦ | ૧૮૮૦ |
| ૧૭ | તુવેર | ૮૧૯ | ૨૦૧૨ |
| ૧૮ | કપાસ | ૯૭૨ | ૧૬૪૬ |
| ૧૯ | એરંડા | ૭૦૦ | ૧૨૦૦ |
| ૨૦ | જીરૂ | ૩૭૦૦ | ૧૦૦૯૦ |
| ૨૧ | રાય | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ૨૨ | ધાણા | ૭૦૦ | ૧૨૫૯ |
| ૨૩ | અજમા | ૨૨૫૦ | ૩૦૫૦ |
| ૨૪ | મેથી | ૮૦૧ | ૧૨૯૮ |
| ૨૫ | સોયાબીન | ૭૦૦ | ૯૨૯ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૨૫૦ | ૧૪૬૧ |
| ૨ | તલ સફેદ | ૩૦૩૦ | ૩૨૭૭ |
| ૩ | તલ કાળા | ૨૭૦૦ | ૩૨૫૧ |
| ૪ | કપાસ | ૧૪૦૦ | ૧૫૬૦ |
| ૫ | કપાસ નવો | ૧૩૭૫ | ૧૫૫૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૬૦ |
| ૮ | બાજરો | ૩૨૫ | ૩૭૦ |
| ૯ | જુવાર | ૭૫૦ | ૧૦૯૮ |
| ૧૦ | ચણા | ૧૦૭૫ | ૧૨૧૮ |
| ૧૧ | તુવેર | ૧૬૦૦ | ૧૮૨૮ |
| ૧૨ | એરંડી | ૧૦૮૦ | ૧૧૮૭ |
| ૧૩ | ગમગુવાર | – | ૯૩૧ |
| ૧૪ | રાય | ૮૦૦ | ૮૮૧ |
| ૧૫ | સોયાબીન | ૮૨૫ | ૯૨૫ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૧ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૩૨૨ |
| ૩ | ઘઉં | ૫૦૧ | ૫૨૪ |
| ૪ | ચણા | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ૫ | તુવેર | ૨૧૧૫ | ૨૧૧૫ |
| ૬ | ધાણા | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ૭ | અડદ | ૧૬૬૧ | ૧૬૬૧ |
| ૮ | એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૯ | મેથી | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ૧૦ | જુવાર | ૬૩૦ | ૬૩૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૭૨ |
| ૨ | ચણા | ૬૯૦ | ૧૧૮૦ |
| ૩ | તલ સફેદ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૪ | તલ કાળા | ૨૯૭૫ | ૨૯૭૫ |
| ૫ | સોયા | ૮૦૫ | ૯૧૬ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૧ | ૫૨૪ |
| ૭ | ડુંગળી | ૧૯૯ | ૧૯૯ |
| ૮ | મગફળી | ૯૨૦ | ૧૨૫૦ |
| ૯ | ધાણા | ૧૧૫૦ | ૧૧૯૫ |
| ૧૦ | લસણ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૧૧ | જુવાર | ૧૦૪૧ | ૧૦૪૧ |
| ૧૨ | શીંગદાણા | ૧૬૩૫ | ૧૬૫૫ |
| ૧૩ | અડદ | ૧૬૫૧ | ૧૯૦૧ |
| ૧૪ | ઘઉં ટુકડા | ૪૮૮ | ૪૮૮ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૯૦ | ૧૬૪૨ |
| ૨ | મગ | ૧૨૮૦ | ૨૦૦૦ |
| ૩ | અડદ | ૧૨૬૦ | ૧૪૫૦ |
| ૪ | ઘઉં | ૪૪૩ | ૫૨૭ |
| ૫ | ચણા | ૯૪૦ | ૧૦૨૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૪૨૫ | ૩૧૦૦ |
| ૨ | તલ કાળા | ૨૩૦૧ | ૨૩૦૧ |
| ૩ | કપાસ | ૮૦૦ | ૧૫૬૭ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૪૨૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૪ | ૫૭૨ |
| ૬ | જુવાર | ૮૦૦ | ૧૦૯૧ |
| ૭ | મગ | ૧૭૨૫ | ૧૭૨૫ |
| ૮ | અડદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૯ | ચણા | ૯૯૧ | ૧૧૫૦ |
| ૧૦ | સુર્યમુખી | ૮૨૫ | ૮૨૫ |
| ૧૧ | સોયાબીન | ૯૧૦ | ૯૧૫ |

### પ્રદેશ કક્ષાએથી નામ પસંદગી થતાં

# સા.કુંડલા તાલુકા પંચાયતનાં પ્રમુખ તરીકે જીતુભાઈ કાછડીયા વિજેતા થયા

## પ્રમુખ તરીકે, ઉપપ્રમુખપદે પરશોતમભાઈ ઉમટ

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા તાલુકા પંચાયતની ચૂંટણીમાં કુલ ૨૨ માંથી ૨ સદસ્યો ગેરહાજર રહ્યા હતાં ને ૧૩ ભાજપ ૭ કોંગ્રેસની ઉપસ્થિતિ વચ્ચે ચૂંટણી મામલતદારનાં અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં પ્રમુખની ચૂંટણીનાં મતદાનમાં ભાજપનાં જીતુ કાછડીયા ૧૩ વિરૂદ્ધ ૭ મતે ચૂંટાઈ આવ્યા હતા તો ઉપપ્રમુખ પદે પરષોત્તમ ઉમટ ચૂંટાઈ આવ્યા હતા.



જયારે સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની રાજકીય કુનેહ અને તાલુકા ભાજપના સંગઠનની આવડતને પરિણામે ધાર્યા પરિણામો લાવવામાં સફળ થયેલા તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયાએ સાવરકુંડલા તાલુકા કોંગ્રેસના પ્રમુખ અને સદસ્ય મનુભાઈ ડાવરાને ગેરહાજર રહેશે તેવું વચન આપ્યું હતું. જે મનુભાઈ ડાવરાએ પાળી બતાવ્યું હતું ને ભાજપ કોંગ્રેસના પ્રમુખો ભાઈ–ભાઈ સાબિત થયા હતા. જયારે આપ પાર્ટીના એક સદસ્ય બેઠકમાં ગેરહાજર હતા. તે પણ ભાજપની રણનીતિ નો ભાગ હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે કોંગ્રેસનો ગઢ ગણાતા સાવરકુંડલામાં ભાજપનાં મહેશ કસવાલાની કમળ છાપ કમાલ કામ કરી ગઈ હતી ને ભવ્ય આતશબાજી વચ્ચે પ્રમુખ–ઉપપ્રમુખને વધાવવા કાર્યકર્તાઓએ ખુશહાલી મનાવી હતી. અઢી વર્ષ માટે તાલુકા પંચાયતનાં પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી સંપન્ન થયેલ હતી પણ ૨૦૨૪ ની લોકસભા ચૂંટણી પહેલાના ટ્રેલર સમાનની આ ચૂંટણીમાં કોંગ્રેસ ઢીલી પડતી હોયને કમળ કાઠું કાઢતું હોય તેવું સ્પષ્ટ જણાઈ છે.

### ગીરનાર સાધુ મંડળનાં અધ્યક્ષ ઈન્દ્રભારથીબાપુ અને સનાતન ધર્મ વિરોધમાં વાણી વિલાસ કરાતા

# સાવરકુંડલા દશનામ ગોસ્વામી સમાજ દ્વારા નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવાયું

## વિડીયો મુકનાર અને ફેલાવનાર વિરૂદ્ધ કાર્યવાહીની માંગ




સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા દશનામ ગોસ્વામી પ્રગતિ મંડળ દ્વારા જૂનાગઢ તીર્થ અને ગીરનારમાં હજારો સંતો–મહંતો પૈકી સમગ્ર ગીરનાર સાધુ મંડળના અધ્યક્ષ અને પ્રખર સનાતની અને હિન્દુવાદી સંત પરમ પૂજય ઈન્દ્રભારથીબાપુ વિશે પ્રકાશ પીઠડીયા જેઓએ પી.કે. પીઠડીયા ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. વાળા શખ્સે પૂજય બાપુ વિરોધ વિડીયો અપલોડ કરી તેનો બહોળો પ્રચાર પ્રસાર કરી વિડીયોની અંદર રહેલી વિવાદિત બોલી મૂકી અમારી ધાર્મિક માન્યતા, લાગણી દુભાવેલ હોય અને વીડિયો દ્વારા પૂજય બાપુની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવી રીતે ગુનાહિત કૃત્ય કરેલ હોવાથી સાવરકુંડલા દશનામ ગોસ્વામી પ્રગતિ મંડળ દ્વારા સાવરકુંડલા નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટને આવેદનપત્ર પત્ર પાઠવી વિડીયો મુકનાર અને ફેલાવનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

પૂજય ઈન્દ્રભારથીબાપુ વિશે વિવાદિત વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા પૂજય ઈન્દ્રભારથીબાપુના સેંકડો અનુયાયીઓમાં લાગણી દુભાઈ હતી. બાપુની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાના ઈરાદાથી બાપુના સેવકોની તેમજ સાધુ–સંતોની લાગણી દુભાવનાર આરોપીએ ગુનાહિત કૃત્ય કરેલ હોવાથી તેમની સામે કાયદેસર કાર્યવાહી કરવા દશનામ ગોસ્વામી પ્રગતિ મંડળના પ્રમુખ પ્રકાશગીરી ગોસ્વામી, ઉપપ્રમુખ અમીતગીરી ગોસ્વામી, મુકેશગીરી ગોસ્વામી તેમજ મહાગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળના અગ્રણી હરેશગીરી ગોસાઈ, ગોસ્વામી સમાજ સાવરકુંડલાના શરદગીરી ગોસાઈ, નિલેશપરી સહિતનાઅગ્રણીઓ મોટી સંખ્યામાં સમાજના ભાઈઓ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# દુર્વાસા

# આપણા ઋષિઓ...



સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા



સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

બ્રહ્માના પુત્ર અત્રિએ બ્રહ્માની આજ્ઞા પ્રમાણે પુત્રની પ્રાપ્તિ માટે પત્ની અનસૂયા સાથે તપ આદર્યુ. વિંધ્યાચળ પર્વતમાંથી નીકળતી નદીને કિનારે તેમના રાગદ્વેષાદિથી રહિત થઈ ઉગ્ર તપ કરવામાં સો વર્ષનો સમયગાળો વહી ગયો. અત્રિ તો મહાજ્ઞાની, સમર્થ ઋષિ. કોઈ એક દેવ–વ્યકિતની આરાધના કરવાની સંકુચિત ભાવના રાખવી એમને યોગ્ય ન લાગી, આથી 'જે એક નિર્વિકાર મહાસમર્થ પરમ તત્વ છે તે મને શ્રેષ્ઠ પુત્ર આપે' એવી ભાવનાયુકત દ્રઢ સંકલ્પથી તેઓ સ્તુતિ કરતા રહયા.

ઘણી તપસ્યાને અંતે અત્રિના મસ્તકમાંથી અતિશય મોટી અગ્નિની જવાળાઓ નીકળવા માંડી, લોક બળવા લાગ્યા. ઈન્દ્રાદિ દેવો તથા મહર્ષિઓ પણ પીડાવા લાગ્યા. ગભરાયેલા સૌ ભેગા મળી મહાદેવ પાસે ગયા. પરિસ્થિતિ જણાવી. મહાદેવે સુચન કર્યુ : "જલદી જાઓ અને અત્રિને પુત્રપ્રાપ્તિ માટે વરદાન આપી આવો."

મહાદેવના સચૂનથી બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર ત્રણેય અત્રિ પાસે દોડયા. અત્રિએ પૂછયું : "મેં તો જગતનું જે પરમ તત્વ હોય તેનું ધ્યાન ધર્યુ હતુ.

તમે શા માટે આવ્યા છો ?" ત્રણેય દેવોએ કહયું : "હે મુનિ ! તમે જેવો સંકલ્પ કર્યો છે તેવું જ થયું છે મહાદેવ શિવના આદેશને માન આપીને જ અમે આવ્યા છીએ.

અમે ત્રણેય જગતના સમાન કક્ષાના ઈશ્વર છીએ. વરદાન દેવામાં શ્રેષ્ઠ એવા અમે આપને વરદાન આપીએ છીએ કે અમારા અંશથી ઉત્પન્ન થનારા ત્રણ પુત્રો તમારે ત્યાં અવતરશે અને તેઓ સૌ માતાપિતાની કીર્તિ વધારનારા થશે."

દેવો પોતપોતાના સ્થાનકે ગયા અને પ્રસન્ન ચિત્તથી ઉભરાતા હૃદયે અત્રિ–અનસૂયા પણ પોતાના આશ્રમે પાછા ફર્યા.

યથાસમયે બ્રહ્માના અંશથી ચંદ્રનો જન્મ થયો, જેને દેવોએ સમુદ્રમાં નાખી દીધો અને જે સમુદ્રમંથનના સમયે પ્રગટ થયો. વિષ્ણુના અંશથી દત્તાત્રેય થયા, જેમણે સંન્યાસની શ્રેષ્ઠ પધ્ધતિનું માર્ગદર્શન આપી. સંન્યાસ પધ્ધતિ વ્યવસ્થિત કરી, અને રુદ્રના અંશથી દુર્વાસા જન્મ્યા, જે મુનિએ ઉત્તમ ધર્મ ચાલુ કર્યો. ધર્મના સંસ્થાપન – સંસ્કરણ માટે જ રુદ્ર દુર્વાસારૂપે અવતર્યા છે અને દુર્વાસારૂપે પ્રગટ થઈ રુદ્રે બ્રહ્મતેજની અત્યંત વૃધ્ધિ કરી છે.

યાદ રહે, દુર્વાસા રુદ્રનો અવતાર છે, એટલે ગુસ્સે થવું, ક્રોધ કરવો અને શાપ આપવો, જલદી પાછા ખુશ થઈ વરદાન આપવા પણ અધીરા થઈ જવું એ તેમનો જન્મજાત સ્વભાવ રહયો છે.

આમ તો મસય જોયા વિના ક્રોધ કરવો એ અધર્મ છે. પરંતુ ક્રોધ કરવાનું કે શાપ આપવા પાછળ કોઈ અગમ્ય કારણ કે કોઈ ગર્ભિત ફળદાયી વિના જયારે જાણવા મળે ત્યારે જ પેલા પુણ્યપ્રકોપનું કારણ સમજાય છે. ઉત્તમ પુરુષનો ક્રોધ ક્ષણમાત્ર હોય છે. મધ્યમનો બે ઘડી સુધી, અધમનો એક દિવસને એક રાત, જયારે અતિ દુષ્ટજનોનો ક્રોધ જીવનપર્યત રહે છે. પરંતુ એ ક્રોધ, એ શાપ આપવાની ક્ષમતા પામવી પડે. જયારે ક્રોધમાં પણ કોઈ વિકાર આવતો નથી ત્યારે જ કોપ પુણ્યપ્રકોપ બની શકે છે.

દુર્વાસા એટલે અગોચરને પણ જોઈ શકનારા સમર્થ દ્રષ્ટા. સ્થિતપ્રજ્ઞ પણ એટલા બધા કે એમના કોઈ વર્તનને કારણે એમના ચિત્તમાં કોઈ વિકાર જન્મતો નથી. માટે જ સર્વ દેવો, ઋષિઓ કે મહામાનવોએ તેમના ક્રોધને પણ સહી લીધો છે.

જુઓ ને, કણ્વઋષિના આશ્રમમાં દુષ્યન્તના વિરહમાં તડપતી અને બેધ્યાન બનેલી શંકુતલાએ તેમનું યોગ્ય આતિથ્ય ન કર્યુ એટલે ક્રોધે ભરાઈને શાપ આપેલો : "જે પ્રકારે દુષ્યન્તની યાદમાં તેં મારી ઉપસ્થિતિને અવગણી છે, તેમ ખરા ટાણે દુષ્યન્ત તારી અવગણના કરશે." કાલિદાસે 'શાકુંતલ'માં આ ઘટનાને **(ક્રમશઃ)**

### આવડ માતાજી પર છેલ્લા સો વર્ષથી અનેરી શ્રદ્ધા

# જસદણનાં આલણસાગર તળાવનું પાણી બે ગામો ગાળ્યા વગર પીવે છે

## બાખલવડ અને દેવપરાનાં ગ્રામ્યજનોનો અનેરો વિશ્વાસ

જસદણ, તા. ૧૩

જસદણ શહેરને પીવા અને ગામડાઓને રવીપાક માટે છેલ્લા ૧૨૩ વર્ષથી પાણી પુરૂ પાડતું આલણસાગર તળાવનું પાણી ફિલ્ટર તો ઠીક પણ બાખલવડ અને દેવપરા ગામનાં ગ્રામ્યજનો સાદા કપડાનાં ગરણાથી પણ ગાળીને પીતા નથી. આ બાબત તેઓ આવડ માતાજીની આસ્થા ગણાવી રહ્યાં છે. જસદણથી પાંચ કિલોમીટર દૂર આવેલ બાખલવડ ગામે ૧૯૦૦ની સાલમાં પ્રજાવત્સલ રાજવી આલાખાચર બાપુએ લોકોને પાણી પીવા અને ખેતી માટે મળી રહે તે હેતુથી બનાવ્યું હતું. હાલમાં આ તળાવ જસદણ અને વિંછીયા તાલુકામાં સૌથી મોટું છે. એકબાજુ આ તળાવમાંથી પાણી જસદણને મળી રહ્યું છે ત્યારે અનેક લતામાંથી પાણી ડહોળું આવી રહ્યાની ફરિયાદો ઉઠવા પામી છે.



બીજી બાજુ તળાવની નજીકના જ બે ગામો બાખલવડ અને દેવપરાના લોકો આવડ માતાજીની શ્રદ્ધાને કારણે ફિલ્ટર તો દૂરની વાત પણ કપડાથી પણ આ પાણીને ગાળીને પીતા નથી. ગ્રામ્યજનોએ આ બાબતે આગળ વધારતા કહે છે કે, ચોમાસામાં તો નવું પાણી આ તળાવમાં આવે છે. ત્યારે અત્યંત ડહોળું હોય છે. ત્યારે પણ આ પાણીને અમે ગાળતા નથી અને આ પાણી પીવાથી હજુ કોઈ અમારા વડીલો માંદગીનાં ખાટલે પડયા નથી.

### વરિષ્ઠ નાગરિકોને મદદરૂપ થવા હેલ્પલાઈન–૧૪૫૬૧ શરૂ

અમરેલી, તા.૧૩

ભારત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તેમજ સમાજ સુરક્ષા પ્રભાગ, ગુજરાત રાજય દ્વારા વરિષ્ઠ નાગરિકોને મદદરૂપ થવા હેલ્પલાઈન– ૧૪૫૬૧ શરૂ કરવામાં આવી છે.

ભારત સરકાર દ્વારા ગુજરાત રાજયમાં આ હેલ્પલાઈન ૧૪૫૬૧ની કામગીરી કરવા માટે HELPAGE INDIA (અમલીકરણ સંસ્થા) એજન્સીની પસંદગી કરવામાં આવી છે. જિલ્લાના વરિષ્ઠ નાગરિકોને આ હેલ્પલાઈન ૧૪૫૬૧ અને તેની કામગીરી સંબંધિત તમામ જાણકારી મળી રહે તે ઉપરાંત વૃદ્ધ લોકો માટે સ્થાપિત કરવામાં આવી રહેલ એલ્ડર લાઈન સંચાર વ્યવસ્થાનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકે તે તેનો મુખ્ય હેતુ છે.

જિલ્લાને લગતી સેવા વિનંતીઓ અને તેની કામગીરીની પ્રગતિ બાબતે દર મહિને સમીક્ષા કરવામાં આવશે. દર સપ્તાહે એક દિવસ જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રોમાં માત્ર વૃધ્ધો માટે જ બાહ્ય દર્દી તરીકેની સેવા આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

(આઉટપેશન્ટ સર્વિસ) આપવા સૂચના આપવી, કોઈ વૃદ્ધજન સારવાર માટે સારવાર કેન્દ્ર પર આવે ત્યારે તેમને સારવાર માટે અગ્રતા આપવી. એપેલેટ ટ્રિબ્યુનલના પ્રિસાઈડીંગ આફિસર તરીકે વરિષ્ઠ નાગરિકો જેમાં મેઈન્ટેનન્સ ટ્રિબ્યુનલનાં આદેશથી સંતુષ્ટ નથી એવા મેઈન્ટેનન્સ કેસ અંગે વરિષ્ઠ નાગરિકો પાસેથી અપીલ હાથ ધરવી અને અપીલ મળ્યાની તારીખથી એક મહિનાની સમય મર્યાદામાં આદેશ આપવામાં આવશે.

મેઈન્ટેનન્સ ટ્રિબ્યુનલના એપેલેટ અધિકારી તરીકે મેઈન્ટેનન્સ અરજીઓ પર પૂરતું ધ્યાન આપવામાં આવશે. વરિષ્ઠ નાગરિકોના મંડળો કે એસોસિએશન સાથે દર ત્રણ મહિને બેઠક બોલાવવામાં આવશે. રાષ્ટ્રીય કક્ષાએ નીતિમાં કોઈ ફેરફારો થયા હોય તો તે અંગે જાણકારી પણ આપવામાં આવશે. વૃદ્ધજનોને સેવા પહોંચાડવાની બાબતમાં દ્રષ્ટાંતો સ્થાપિત કરીને જિલ્લામાં વૃદ્ધજનો પ્રત્યેની શ્રેષ્ઠ પ્રણાલીઓને પ્રોત્સાહન આપવામાં આવશે.

આ કામગીરીમાં જિલ્લાના અન્ય હિતધારકો સાથે સંકલન સાધવામાં આવશે અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓનો સહયોગ પ્રાપ્ત કરવામાં આવશે. તેમ એલ્ડરલાઈન ગુજરાતના પ્રોગ્રામ મેનેજર ડો. નંદિની અરોરા અને ગુજરાત–રાજસ્થાન રાજયના હેડ નિલેશ નાલવાયાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### કોંગ્રેસ પાસેથી ચિઠ્ઠીનાં આધારે ભાજપે જવાબદારી સ્વીકારી

# લીલીયા તાલુકા પંચાયતમાં આગામી અઢી વર્ષ માટેનાં શાસકોની પસંદગી

## પ્રમુખ તરીકે ગીતાબેન નાકરાણી વિજેતા થયા



લીલીયા, તા.૧૩

લીલિયા મોટા તાલુકા પંચાયત કચેરી ખાતે આજ રોજ તાલુકા પંચાયતની ટર્મ પૂર્ણ થતા તાલુકા પ્રમુખ ઉપ પ્રમુખની ચૂંટણી પ્રાંત અધિકારી ધારાબેન ભાલારાના અધ્યક્ષ સ્થાને તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલ જેમાં તાલુકા પંચાયતના પ્રમુખ – ઉપપ્રમુખની ચૂંટણીમાં રસાકસી ૧૬ સદસ્યોની સંખ્યામાં ૮ કોંગ્રેસ ૮ ભાજપ સભ્યો હોવાથી પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણીમાં ચીઠ્ઠીઓ નખાઈ જેમા પ્રમુખ પદે ગીતાબેન કાનજીભાઈ નાકરાણી ભાજપના ચીઠ્ઠીમાં વિજેતા નીકળ્યા જયારે ઉપપ્રમુખ પદે જગદીશ ભાઈ દેથલીયા કોંગ્રેસના વિજેતા થયા હતા પ્રમુખ પદે ભાજપ અને ઉપપ્રમુખ પદે કોંગ્રેસ અમરેલી જિલ્લામાં એકમાત્ર લીલીયા તાલુકા પંચાયત કોંગ્રેસ પાસેથી આંચકી લેતું ભાજપ લીલિયા તાલુકા પંચાયતમાં ગત વખતે સત્તા કોંગ્રેસે કરી હતી હાંસિલ આ વખતે ભાજપે માર્યુ મેદાન લીલીયા એકમાત્ર કોંગ્રેસ શાસિત તાલુકા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાતા બપોર બાદ શુભ મૂરહતમાં પ્રમુખ દ્વારા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભીની આગેવાનીમાં લીલીયા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે ફટાકડા ફોડી મીઠાઈ વેચી ખુશી વ્યક્ત કરવામાં આવી હતી ત્યારે બપોર બાદ શુભ મુહૂર્તમાં તાલુકા પંચાયતના પ્રમુખ ગીતાબેન દ્વારા ચાર્જ વિધિવત રીતે પ્રભારી મગનભાઈ કાલાણી તેમજ તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભીની હાજરીમાં તેમજ લીલીયા તાલુકા વિકાસ અધિકારી હેતલબેન કટારાની ઉપસ્થિતિમાં સંભાળવામાં આવેલ આ તકે મહામંત્રી જીગ્નેશ સાવજ ગૌતમભાઈ વિછીયા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન વિપુલભાઈ દુધાત ભીખાભાઈ ધોરાજીયા લીલીયા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખો બાબુભાઈ ધામત ચતુરભાઈ કાકડીયા સહિતના તાલુકા પંચાયત સદસ્યો તાલુકા ભાજપ કાર્યકરો હોદેદારો સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

### હજુ સુધી સત્તાવાર રીતે કોઈ જાહેરાત થઈ નથી

# સાવરકુંડલા પાલિકાનાં પ્રમુખ અને ઉપપ્રમુખ માટે કોની પસંદગી થશે તેને લઈને અટકળો

## આવતીકાલે પ્રદેશ કક્ષાએથી નામની થશે પસંદગી

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખની ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેનની ચૂંટણીને લઈને શહેરીજનોમાં ઉત્કૃષ્ટતા સર્જાઈ છે તો પ્રદેશ ભાજપ દ્વારા મેન્ડેડ સ્વરૂપમાં તા. ૧૪/૯/૨૩નાં ૧૧ વાગ્યે કોના પર સત્તાનો કળશ ઢોળાઈ છે તેની ઉત્સુકતા ઈચ્છુક ઉમેદવારો પણ અસમંજસ અનુભવી રહ્યા છે ને શહેરીજનોને અઢી વર્ષ માટે નિષ્ઠાવાન શાસકો કયાં મળશે તેના પર સમગ્ર સાવરકુંડલા વાસીઓની મીટ મંડાઈ છે. સાવરકુંડલા નગરપાલિકાના અઢી વર્ષ માટેના પ્રમુખપદની ચૂંટણી યોજાવાની છે ને ૩૬માંથી ૩૧ ભાજપ અને ૫ કોંગ્રેસ સભ્યો હોય ને સ્પષ્ટ બહુમતી હોવાથી અગાઉ પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન પદ માટે સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોય ને સમગ્ર બાબતો પર પ્રદેશ ભાજપના માર્ગદર્શન તળે તા. ૧૪/૯/૨૩ ના રોજ પરદો ખુલશે. ત્યારે સાવરકુંડલા પાલિકાના પ્રમુખપદે કોણ આવશે તેને લઈને લોકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ત્યારે અનેક ઉમેદવારો દ્વારા ખાનગીમાં મહેનત કરતા હોય ને લોબિંગ કરાવી રહ્યા છે. ત્યારે આશ્ચર્ય વચ્ચે ભાજપ હંમેશા નવું કરવામાં માનતી હોય ને યુવાનોને તક આપતી આવી છે ને સરકારથી લઈને પાલિકા સુધી નવા શાસકો આપી રહ્યો છે. ત્યારે સાવરકુંડલા શહેરની પાલિકામાં સત્તા સ્થાને બેસવામાં અમુક સદસ્યો કમર કસી રહ્યા છે. ત્યારે સાવરકુંડલાના સોશીયલ મીડિયામાં સર્વે થયેલા સદસ્યોમાંથી જ પાલિકાના પ્રમુખ પદના વરરાજાઓ વરમાળા પહેરવા થનગની રહ્યા છે. ત્યારે દુનિયાની સૌથી મોટી ગણાતી શિસ્તબદ્ધ પાર્ટી ભાજપ આજે સવારે ૧૧ કલાકે પાલિકાના સત્તાધીશોના મેન્ડેડ રજૂ કરશે.

# સાવરકુંડલાનાં એસએમજીકે સંકુલ ખાતે ગણિત–વિજ્ઞાન પ્રદર્શન યોજાયુ



સાવરકુંડલા એસ.એમ.જી.કે સંકુલ સાવરકુંડલા. ખાતે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર અને જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી ના આદેશ અનુસાર સી.આર.સી.કક્ષા ના ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરેલ જેમાં તાલુકાના કુલ છ કલસ્ટરે ભાગ લીધો અને કુલ ૫૫ કૃતિ બાળ વૈજ્ઞાનિકો દ્વારા રજુ કરેલ જેમને તમામ બાળકોને પ્રમાણપત્ર આપી બિરદાવવામા આવ્યા.આ તકે સી.આર.સી.કો.ઓ. ગુલઝાર ભાઈ રાઠોડ, મુસ્તાકભાઈ જાદવ, વિપુલભાઈ દુધાત, કૃતિકાબેન ત્રિવેદી દ્વારા ખૂબ જ સુંદર આયોજન કરેલ અને સંસ્થા વતી ડાયરેકર બોદર દ્વારા તમામને આવકારવામાં આવ્યા. સાથે સરકાર દાદાબાપુ, મુનિરબાપુ દ્વારા તમામ બાળ વૈજ્ઞાનિક અને માર્ગદર્શન શિક્ષકઓને ખૂબ ખૂબ અભિનંદન આપવામાં આવ્યા અને ભવિષ્યમાં ખૂબ પ્રગતિ કરી બનાવેલ સાધનો લોકભોગ્ય બને એવા આશીર્વાદ આપ્યા.

## સારા વરસાદનાં કારણે ઉત્પાદન સારૂ પણ પાછોતરા વરસાદનાં અભાવે નબળી ગુણવત્તા

# બાબરા : માર્કેટયાર્ડમાં લીલા ગુવારની પુષ્કળ આવક

**સ્થાનિક કક્ષાએથી સૌરાષ્ટ્ર ઉપરાંત રાજ્ય બહાર પણ ગુવારની સારી એવી નિકાસ થઈ રહી છે**

**શરૂઆતમાં રૂપિયા ૮નો ભાવ મળ્યો બાદમાં બજાર સુધરી ને રૂપિયા ૨૦ થી ૨૫ સુધી પહોંચી**

**લોહી–પાણી એક કરીને તૈયાર કરેલ ગુવારનાં ભાવમાં સારૂ વળતર મળતાં ખેડૂતોમાં ખૂશીનો માહોલ**

**સરકાર દ્વારા ગુવાર પકવતાં ખેડૂતોને જરૂરી મદદ કરવામાં આવે તો સારી એવી આવક મેળવી શકાય તેમ છે**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૩

બાબરા માર્કેટિંગ યાર્ડમાં ગુવારની પુષ્કળ પ્રમાણમાં આવક જોવા મળી હતી. અહીં શેડની અંદર લીલા ગુવારના ઢગલા જોવા મળી રહ્યા હતા તેમજ આયસર ટ્રકમાં પણ મોટા પ્રમાણમાં ગુવાર ભરી જિલ્લા અને રાજ્ય બહાર નિકાસ કરવામાં આવી રહ્યો છે. ગુવારનો ભાવ પણ સારો રહેતા ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

બાબરા માર્કેટિંગ યાર્ડમાં વર્ષોથી શાકભાજીનો વેપાર કરતા મુનાભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, દર વર્ષે આ સમય દરમિયાન ગુવારની નોંધપાત્ર આવક જોવા મળે છે જોકે ગત વર્ષની સરખામણીમાં ઘણી આવક ઓછી જોવા મળી રહી છે.

બાબરા તાલુકાના નિલવડા, સુકવળા, દરેડ, જામ બરવાળા સહિતના ગામડાઓમાં ગુવારનું પુષ્કળ ઉત્પાદન થાય છે જેના કારણે અહીં યાર્ડમાં આવક વધુ જોવા

અનુસંધાન પાના ૬ ઉપર

### રાજસ્થાનનાં આગ્રા–જયપુર નેશનલ હાઈવે ઉપર

## લક્ઝરી બસને ટ્રેલરે પાછળથી ટક્કર મારતા ભાવનગર પંથકના ૧૨ વ્યકિતનાં મોત

**બસના અનેક મુસાફરોનો આબાદ બચાવ થયો છે, આ લોકો બસ રિપેર થતી હતી તેની સામેની બાજુ બેઠા હતા અને બસ બરાબર થઇ જાય તેની રાહ જોતા હતા**

ભાવનગર, તા.૧૩

આગરા જયપુર નેશનલ હાઈવે પર એક ભયાનક અકસ્માત સર્જાયો છે. ટ્રેલરે પાર્ક કરેલી બસને પાછળથી ટક્કર મારતા ૧૧ લોકોના મોત નીપજ્યા છે. આ સાથે ઘણાં લોકો ગંભીર રીતે ઘાયલ છે. આ બસ ભાવનગરથી મથુરા જતી હતી. આ બસ બગડી ગઈ હતી જેથી તેને રિપેર કરવા માટે રસ્તાની એક બાજુ ઉભી રાખવામાં આવી હતી. તે દરમિયાન જ ટ્રેલરે બસને ટક્કર મારીને ૨૦થી ૨૫ ફૂટ

અનુસંધાન પાના ૬ ઉપર



### આજની સમસ્યાનું સમાધાન નહી ને પાંચ વર્ષ પછી સુવર્ણનગરનાં સપના

## ભાઈ સા'બ : સાવરકુંડલાની નાવલી નદીએ રિવરફ્રન્ટ ભલે બને પણ હાલમાં મચ્છર અને ગંદકી તો હટાવો

**શહેરમાં રખડતા પશુઓ, વિકરાળ ટ્રાફિક સમસ્યાથી પણ શહેરીજનો પરેશાન**

સાવરકુંડલા, તા. ૧૩

સૌ પ્રથમ પ્રાથમિકતા આપી નાવલીને તાત્કાલિક સફાઈ કરાવી, નાવલી કાંઠે વસતા પ્રજાજનોને દુર્ગંધ અને મચ્છરોના ત્રાસથી મુકત કરાવો તો અમારે મન સ્વર્ગ જ છે.

ધારાસભ્ય અને સાંસદ ખરેખર તનતોડ મહેનત કરી રાજય અને કેન્દ્રમાંથી ભારે દબાણો કરી વિવિધ યોજનાઓ ખેંચી લાવે છે જે ખૂબ જ પ્રશંસનીય છે. પરંતુ આ પ્રકારની મોટી યોજનાઓને મૂર્તિ મંત સ્વરૂપ આપતા ઘણો સમય લાગી જાય છે. એવી જ રીતે જે જાહેરાત થઈ છે કે, ૨૫

અનુસંધાન પાના ૬ ઉપર

### દામનગર શહેરમાં વસવાટ કરતાં

## નિવૃત્ત કર્મચારીને ખોટી ઓળખ આપી એપ્લીકેશન ડાઉનલોડ કરાવી રૂા. ૧.૭૪ લાખની ઠગાઈ

**નેટ બેન્કીંગ દ્વારા ૫ જેટલા ટ્રાન્જેકશન દ્વારા ઠગાઈ કરી**

અમરેલી, તા. ૧૩

દામનગર ગામે આવેલ ઉડયા શેરીમાં રહેતા અને નિવૃત્ત કર્મચારી અજીતભાઈ ચુનીલાલ ભટ્ટ નામના ૬૩ વર્ષિય વૃધ્ધને ગત તા. ૧૨/૯નાં રોજ સવારે આઠેક વાગ્યાનાં સમયે કોઈ અજાણ્યા ઈસમે ફોન કરી અને પોતાની મીશો એપ્લીકેશનનાં સીનીયર એકઝીકયુટીવની ઓળખ આપી અને આ વૃધ્ધને વિશ્વાસમાં લઈ વૃધ્ધનાં ફોનમાં એક એપ્લીકેશન ડાઉનલોડ કરાવી અને વૃધ્ધનાં એસબીઆઈનાં સેવિંગ્સ એકાઉન્ટમાંથી નેટ બેન્કીંગ ધ્વારા ૫ જેટલા ટ્રાન્જેકશન કરી રૂા. ૧,૭૩,૨૯૯ રકમ ઉપાડી લઈ વૃધ્ધ સાથે છેતરપીંડી કરવામાં આવ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### સીસીટીવી ફુટેઝનાં આધારે ખબર પડી

## અમરેલીના શ્યામ મોલમાંથી રૂપિયા ૧૨ હજારની રોકડની ઉઠાંતરી

**અજાણ્યા શખ્સે ચોરી કર્યાની ફરિયાદ**

અમરેલી, તા. ૧૩

અમરેલીનાં લાઠી રોડ, બ્રાહ્મણ સોસાયટી, રામ નગર–૧ માં રહેતા રજનીકાંતભાઈ બાબુભાઈ દેસાઈની અમરેલીના લાઠી રોડ, રીલાયન્સ મોલની સામે આવેલ શ્યામ મોલ નામે દુકાનમાં લગાવેલ સી.સી.ટી.વી.ફુટેઝ ચેક કરતા ગત તા.૩ નાં રાત્રીનાં આશરે ત્રણેક વાગ્યાથી ચારેક વાગ્યાનાં સમય દરમ્યાન એક અજાણ્યો ચોર ઈસમો દુકાનમાં પ્રવેશ કરી ટેબલનાં ખાના ખોલતો ફંફોળી દુકાનની અંદર કોઈ અજાણ્યો ચોર ઈસમ અમારી દુકાનમાં આવેલ ટર્બો ફેન ખોલી તેમાંથી દુકાનમાં પ્રવેશ કરી અમારા દુકાનનાં ટેબલનાં ખાનામાં રાખેલ રૂા.૧૨,૦૦૦ રોકડ રકમ ચોરી કરી લઈ ગયાની ફરીયાદ સીટી પોલીસમાં નોંધાય છે.

### સાવરકુંડલા નજીક આવેલ

## આંબરડી ગામ નજીક એસ.ટી. બસનાં ચાલકને માર મારી ફરજમાં રૂકાવટ

**બસને જોઈ પાડી ભડકી બસ સાથે અથડાતા બન્યો બનાવ**

અમરેલી, તા. ૧૩

અમરેલીનાં રણુજાધામ–૨ માં રહેતા અને એસ.ટી. બસમાં ચાલક તરીકે ફરજ બજાવતાં બહાદુરભાઈ અમરૂભાઈ ચાવડા નામનાં ડ્રાઈવર

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)